નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

RNI title code no. GUJGUJ18053 RNI Reg. No. GUJGUJ/2023/85765 Daily Morning Newspaper


સામના મિરર
Dt.9/5/2024 | THURSDAY 07
રાજકોટમાં સતત બીજા દિવસે કાળઝાળ ગરમીઃ આજે પણ ૪૨ ડિગ્રી વટાવશે
બપોરે અઢી કલાકે ૪૧.૪ ડિગ્રીઃ કાલથી ગરમી થોડી ઘટશે
રાજકોટ લોકસભા બેઠકના ભાજપ-કોંગ્રેસ સહિતના નવ ઉમેદવારોના ભાવિ મત પેટીઓમાં કેદ

રાજકોટમાં સતત બીજા દિવસે કાળઝાળ ગરમીઃ આજે પણ ૪૨ ડિગ્રી વટાવશે

જુઓ પેજ નં.૦૭

માલિક/એડિટર : રાજેશ ઉદયકુમાર બગડાઈ | Date :9 MAY 2024 | THURSDAY | Page : 18 | Year : 2 | Issue :35 | Price: 2/-

# અંગ દઝાડતી ગરમીથી શેકાયું ઉત્તર ભારત, સૌથી વધુ ગરમી ૪૬ ડિગ્રીથી શહેર બન્યાં અગનભઠ્ઠી

સામના મિરર, સંવાદદાતા

રાજસ્થાનના મોટાભાગના વિસ્તારોમાં ભીષણ ગરમી પડી રહી છે ત્યારે રાજ્યના બાડમેરમાં મહત્તમ તાપમાન ૪૬ ડિગ્રી સેલ્સિયસ નોંધવામાં આવ્યું હતું. હવામાન વિભાગે આગામી કેટલાક દિવસ રાજ્યના અનેક વિસ્તારોમાં હીટવેવની ચેતવણી જારી કરી છે.

જયપુર સ્થિત હવામાન કેન્દ્રના જણાવ્યા અનુસાર રાજ્યના અનેક વિસ્તારોમાં ૪૦થી વધુ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધવામાં આવ્યું હતું. બાડરમેરમાં ૪૬, ઝાલોરમાં ૪૫.૫, ફલોદીમાં ૪૫.૪, જૈસલમેર અને ગંગાનગરમાં ૪૫.૨, જોધપુરમાં ૪૫, કોટા અને બીકાનેરમાં ૪૪.૬, વનસ્થલીમાં ૪૪.૧, સંગરિયામાં ૪૪ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધવામાં આવ્યું હતું.

માઉન્ટ આબુનું તાપમાન ૩૪ ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું જે રાજ્યનું સૌથી ઓછું તાપમાન હતું. પાટનગર જયપુરમાં મહત્તમ તાપમાન ૪૨.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધવામાં આવ્યું હતું. ભીષણ ગરમીને ધ્યાનમાં રાખીને ભરતપુરના જિલ્લા




કલેક્ટરે ૯ થી ૧૧ મે સુધી શાળાઓમાં રજા જાહેર કરી છે. હવામાન વિભાગની આગાહી મુજબ આગામી ૪૮ કલાકમાં મહત્તમ તાપમાનમાં એક થી બે ડિગ્રીનો વધારો થઇ શકે છે.

૯ મેના રોજ જોધપુર અને બિકાનેરના કેટલાક વિસ્તારોમાં તીવ્ર હીટ વેવની ચેતવણી જારી કરવામાં આવી છે. બીજી બાજુ ભારતીય હવામાન વિભાગની આગાહી મુજબ ૮ મેથી ૧૨ મે સુધી આંધ્ર પ્રદેશમાં વીજળી અને ભારે પવન સાથે વરસાદ પડવાની સંભાવના છે. આંધ્રના રાયલસીમા સહિતના કેટલાક વિસ્તારોમાં ૩૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની સંભાવના છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર દિલ્હીમાં મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રી સેલ્સિયસ રહેવાની સંભાવના છે. બીજી તરફ કેરળમાં હીટવેવ યથાવત છે. રાજ્યના તિરુવનંતપુરમ, અલાપ્પુઝા અને કોઝિકોડ જિલ્લાઓમાં ૯ મે સુધી યલો એલર્ટ જારી કરવામાં આવી છે. આ વિસ્તારોમાં મહત્તમ તાપમાન ૩૬ થી ૩૯ ડિગ્રી સેલ્સિયસ રહેવાની સંભાવના દર્શાવવામાં આવી છે. ૧૦ અને ૧૧ મેના રોજ સર્જાનારા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે રાજસ્થાનના કેટલાક વિસ્તારોમાં પણ ૧૧ થી ૧૩ મે દરમિયાન વરસાદ પડવાની સંભાવના છે.

## પક્ષોને કોર્ટમાં રાજકીય મુદ્દાઓ ઉઠાવવાની મંજૂરી નહીં : સુપ્રીમ

નવી દિલ્હી : રાજ્ય સરકારે મંજૂરી પરત લીધી હોવા છતાં સીબીઆઇ રાજ્યમાં તપાસ કરી રહી હોવાના આરોપ સાથે પશ્ચિમ બંગાળ સરકારે સુપ્રીમ કોર્ટમાં દાખલ કરેલી અરજી અંગે કોર્ટે જણાવ્યું હતું કે તે સુનાવણીમાં કેન્દ્ર અથવા પશ્ચિમ બંગાળ સરકારને કોઇ રાજકીય મુદ્દો ઉઠાવવાની પરવાનગી આપશે નહીં.

ન્યાયમૂર્તિ બી આર ગવઇ અને ન્યાયમૂર્તિ સંદીપ મહેતાની બનેલી ખંડપીઠે જણાવ્યું હતું કે તે ફક્ત કાયદાકીય મુદ્દા અંગે નિર્ણય લેશે અને કોર્ટ બંનેમાંથી કોઇ પણ પક્ષકારને રાજકીય દલીલો કરવાની મંજૂરી આપશે નહીં.

ખંડપીઠે રાજ્ય સરકાર દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીનિ સ્થિરતા પણ પોતાનો ચુકાદો અનામત રાખ્યો છે.

પશ્ચિમ બંગાળ સરકાર વતી હાજર રહેલા વરિષ્ઠ વકીલ કપિલ સિબલે જણાવ્યું હતું કે રાજ્ય સરકારે ૧૬ નવેમ્બર, ૨૦૧૮ના રોજ સીબીઆઈને આપેલ તપાસની મંજૂરી પરત લઇ લીધા પછી કેન્દ્ર સીબીઆઇને રાજ્યમાં તપાસ માટે મોકલવાની પરવાનગી આપી શકે નહીં.

કેન્દ્ર સરકાર વતી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર અથવા તેના વિભાગો સીબીઆઇ તપાસ પર કોઇ અંકુશ ધરાવતા નથી.

ખંડપીઠે જણાવ્યું હતું કે આપણે ફક્ત ટેકનિકલ મુદ્દાની સમીક્ષા કરવાની છે, આપણે શા માટે રાજકીય મુદ્દાની તરફ જવાની જરૂર છે?


## એસ્ટ્રાજેનેકા કોવિડ વેક્સીન પરત ખેંચશેઃ બનાવશે પણ નહિ અને વેંચશે પણ નહિ

લંડન તા. ૮ : અગ્રણી ફાર્માસ્યુટિકલ કંપની એસ્ટ્રાઝેનેકા જે કોરોનાની રસી આપ્યા બાદ ગંભીર આડઅસરોના આરોપોનો સામનો કરી રહી છે, તેણે તમામ કોરોના રસીઓ બજારમાંથી પાછી ખેંચી લીધી છે. આમાં ભારતમાં બનેલી કોવિશિલ્ડ રસીનો પણ સમાવેશ થાય છે. કંપનીએ મંગળવારે કહ્યું કે તે વૈશ્વિક સ્તરે રસી પાછી ખેંચી રહી છે. અગાઉ, કંપનીએ પણ રસીની આડઅસર સ્વીકારી હતી, જોકે, ફાર્માસ્યુટિકલ નિષ્ણાતોનું કહેવું છે કે આ રસી અન્ય કારણોસર બજારમાંથી દૂર કરવામાં આવી રહી છે. અગ્રણી ફાર્માસ્યુટિકલ કંપની એસ્ટ્રાઝેનેકા જે કોરોનાની રસી આપ્યા બાદ ગંભીર આડઅસરોના આરોપોનો સામનો કરી રહી છે, તેણે તમામ કોરોના રસીઓ બજારમાંથી પાછી ખેંચી લીધી છે. આમાં ભારતમાં બનેલી કોવિશિલ્ડ રસીનો પણ સમાવેશ થાય છે. કંપનીએ મંગળવારે કહ્યું કે તે વૈશ્વિક સ્તરે રસી પાછી ખેંચી રહી છે. અગાઉ, કંપનીએ પણ રસીની આડઅસર સ્વીકારી હતી, જોકે, ફાર્માસ્યુટિકલ નિષ્ણાતોનું કહેવું છે કે આ રસી અન્ય કારણોસર બજારમાંથી દૂર કરવામાં આવી રહી છે.

## તંત્રી લેખ

–રાજેશ યુ. બગડાઈ

# ચીનની વધતી ચાલાકી



દુનિયામાં જેટલા પણ મહત્ત્વના દેશો છે, તેનું શાસન લગભગ વન મેન શો કક્ષાના રાજનેતાઓ ભોગવે છે. વિરાટ દેશોના સંચાલન અને વ્યવસ્થાપન માટે જે પ્રકારના ટીમ નેતૃત્વની પરંપરા હતી તે હવે લુપ્તપ્રાયઃ દેખાય છે. એને કારણે એક જ વ્યક્તિ પર બધા જ નિર્ણયો લેવાનો ભાર આવે છે. એટલે એમાં ઉતાવળ કે ખોટા નિર્ણયો લેવાઈ જવાની સંભાવના વધી જાય છે. ભારત, રશિયા, ચીન, અમેરિકા સહિતના તમામ મહત્ત્વના દેશોના નેતાઓની આ પરિસ્થિતિ છે. ચીન પાસે એનો પોતાનો ટોચનો પીપલ્સ પાર્ટીનો નેતૃત્વ સમુદાય છે, પરંતુ એની ભૂમિકા બહુ મર્યાદિત છે. ભારત પાસે દ્વિસ્તરીય પ્રધાનમંડળ છે. ઉપરાંત રાષ્ટ્રપતિ ભવન અને સર્વોચ્ચ અદાલત પણ ભૂલ સુધારણા અને માર્ગદર્શન માટે તત્પર હોય છે. એ તત્પરતા ક્યારેક ઠપકા સ્વરૂપે અભિવ્યક્ત થાય છે. તેમ છતાં સમગ્ર રાષ્ટ્રના વ્યાવહારિક સંચાલનમાં અને નીતિમત્તાઓના ઘડતરમાં રાષ્ટ્રપતિ ભવન અને અદાલતની ભૂમિકા મર્યાદિત છે.

ચીનમાં જિનપિંગ એકહથ્થુ સત્તા ભોગવે છે. તેમને રોકવા માટે પોલિટ બ્યુરો છે અને સેનેટ છે. ચીની પ્રેસિડેન્ટને બેકાબૂ બનતા રોકવા માટે ત્યાંની સામ્યવાદી પાર્ટી કટોકટીમાં પગલાં લઈ શકે છે. જિનપિંગ ભલભલા ખંધા રાજકારણીને પછાડવાની ચતુરાઈ ધરાવે છે. જિનપિંગ દેશને કંપનીની જેમ ચલાવવા ઈચ્છે છે. વર્ષો સુધી તેની વિદેશનીતિમાં પણ પ્રેસિડેન્ટ કરતા એક બિઝનેસમેનના વલણ વધુ જોવામાં આવ્યા છે. દેશને ચલાવવાની તેની પદ્ધતિ ઘણે અંશે નિષ્ફળ પુરવાર થઈ છે. તેનો અંગત અભિગમ અને પોતાના વિરોધીઓના અપમાનપૂર્વક હોઠ બંધ કરી દેવાની શૈલીએ એક સમયે તેને બહુ લોકપ્રિયતા અપાવી પણ હવે તેને તેની આ કાર્યપદ્ધતિ ભારે પડી રહી છે. તેના આ જ અભિગમને કારણે ચીન બેખબર રહ્યું અને કોરોનાની નવી લહેર આવી પહોંચી.

જેમ બેજવાબદારોનો આદર્શ બની ચૂકેલા ડોનાલ્ડ ટ્રમ્પના જુઠાણાઓનો હિસાબ રાખવા માટે સુપરકમ્પ્યુટર પણ નાનું પડતું હતું એમ જિનપિંગની સતત ગાફેલ રહેવાની વૃત્તિ અને પોતાની ભૂલોને સરકારી સાધનોના ભોગે પણ ઢાંકપિછોડો કરવાની વૃત્તિ આજે આખા ચીનને ભારે પડી રહી છે. આજે ચીનમાં કોરોનાનો પાંચમો વેવ ચાલુ થઈ ગયો છે. તેના માટે કોઈ એક જ વ્યક્તિને જવાબદાર ગણવી હોય તો તે ખુદ ચીની પ્રેસિડેન્ટ છે. વિશ્વ મીડિયા સમક્ષ ખડકેલાં તેના જુઠાણાંના પહાડની ઊંચાઈ એવરેસ્ટને આંબી ગઈ છે. મલ્ટિનેશનલ કંપની જેવી ઘણી કંપનીઓનું કામ ચાલુ કોરોનાએ રહેમરાહ હેઠળ ચાલુ રહ્યું છે. તેને કારણે કોરોનાના પોઝિટિવ કેસ ગુણાકારની ઝડપે વધ્યા. હવે ગયા અઠવાડિયે થોડી છૂટછાટ અપાતા ફરીથી કેસોની સંખ્યા વધવા લાગી છે.

જિનપિંગે હમણાં એવું વિધાન પણ કર્યું કે કોરોનાની વેક્સિનના લાખો ડોઝ તૈયાર છે. પણ કોઈને આ વાત પર ભરોસો નથી. ચીનમાં વેપાર ધંધા ઠપ્પ થઈ ગયા છે. સેંકડો યુનિવર્સિટીઓ બંધ થવાના આરે છે. શિક્ષણને કોરોના ઉધઈની જેમ કોતરી રહ્યું છે. આવા બીજા અનેક અઘરા પડકારોને પડતા મૂકીને જિનપિંગ સ્વપ્રશસ્તિમાં લાગ્યા છે. ચાલુ વેવ પૂરો થાય એની પહેલા જો ચીની સરકારી તંત્ર લોકમદદે નહીં આવે તો ત્યાં કેસોની સંખ્યા હદ વટાવીને વધશે. એક માણસનો અહંકાર આખા દેશને લઈ ડૂબશે. ચીનના વિવિધ પ્રાંતોએ જાહેરમાં સ્વીકાર્યું કે ફક્ત નામ પૂરતા રહેલા લોકડાઉનમાં થોડી પણ કાયદેસર છૂટ આપવામાં આવશે તો પોઝિટિવ કેસોની સંખ્યા આસમાન તરફ ગતિ કરવા લાગશે. ડોનાલ્ડ ટ્રમ્પ જ્યારે સત્તા પર હતા ત્યારે અમેરિકામાં દસ ચોરસ કિલોમીટરનો એવો વિસ્તાર શોધવો પણ મુશ્કેલ તો જ્યાં કોરોનાનો એક પોઝિટિવ કેસ ન હોય.

# સૌરાષ્ટ્રના ધો.૧૨ સાયન્સ-કોમર્સના ૧.૫૪ લાખ વિદ્યાર્થીનું આજે પરિણામ

### ચૂંટણીના બીજે જ દિવસે પરિણામની જાહેરાત, ગુજકેટનું પરિણામ પણ આજે જ જાહેર થશે

સામના મિરર, સંવાદદાતા



શિક્ષણ બોર્ડના ધોરણ ૧૦ અને ૧૨ના આશરે ૧૫ લાખ વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ છેલ્લા ઘણા દિવસથી પરિણામની રાહ જોઈ રહ્યા છે. જેમાંથી ધોરણ ૧૨ સાયન્સ અન કોમર્સના વિદ્યાર્થીઓ અને વાલીઓની આતુરતાનો અંત આવ્યો છે. શિક્ષણ વિભાગે ચૂંટણીના બીજે જ દિવસે બુધવારે ધોરણ ૧૨ સાયન્સ અને કોમર્સના પરિણામની જાહેરાત કરી દીધી છે. શિક્ષણ બોર્ડના ઈતિહાસમાં પહેલીવાર આજે તારીખ ૯ મેના રોજ એકસાથે બે પરિણામ જાહેર કરવામાં આવશે. સૌરાષ્ટ્રના ધો.૧૨ સાયન્સ-કોમર્સના ૧.૫૪ લાખ વિદ્યાર્થીનું ભાવિ આજે ખૂલશે.

શિક્ષણ બોર્ડે જાહેર કરેલા પરિપત્રમાં જણાવ્યું છે કે, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-૨૦૨૪માં યોજાયેલ ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ, સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉ.ઉ.બુ.પ્રવાહ, ગ્રુજકેટ-૨૦૨૪ અને સંસ્કૃત મધ્યમાનું પરિણામ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની વેબસાઇટ .લતયબ.ફ્રાલિ પર તારીખઃ ૦૯ મેના રોજ સવારના ૦૯ કલાકે જાહેર કરવામાં આવશે. વિદ્યાર્થીઓ તેઓનું પરિણામ પરીક્ષાનો બેઠક ક્રમાંક(જ્યફ ગીળબચ) ઊક્ષચિં કરી મેળવી શકશે. વિદ્યાર્થીઓ વોટ્સએપ નંબર ૬૩૫૭૩૦૦૯૭૧ પર પોતાનો બેઠક ક્રમાંક મોકલીને પરિણામ મેળવી શકશે. વિદ્યાર્થીઓના ગુણપત્રક, પ્રમાણપત્ર, અને જ.છ શાળાવાર મોકલવા અંગેની જાણ હવે પછીથી કરાશે. ગુણપત્રક અને પ્રમાણપત્ર સાથે શાળાઓને મોકલી આપવામાં આવશે.

સરકારે ચૂંટણીને કારણે આ વર્ષે પરિણામ વહેલું જાહેર કરવાની અગાઉ જાહેરાત કરી હતી, પરંતુ બાદમાં પરિણામ જાહેર કરી દેવાથી વાલીઓ ફરવા જતા રહે અને મતદાન ઉપર તેની અસર ન આવે તે માટે ચૂંટણી સુધી પરિણામ જાહેર ન કરાયું.

શિક્ષણ બોર્ડ દ્વારા ગયા વર્ષે ધોરણ ૧૨ સાયન્સનું પરિણામ ૨ મે-૨૦૨૩ના રોજ જાહેર કરી દેવાયું હતું. આ વર્ષે આજે ૯ મેના રોજ જાહેર કરવામાં આવશે. ચૂંટણીને પગલે આ વર્ષે એપ્રિલમાં જ ધોરણ ૧૦ અને ૧૨ના પરિણામ જાહેર કરી દેવાના હતા. બોર્ડે પરિણામ તૈયાર પણ કરી લીધા હતા પરંતુ મતદાન ઉપર તેની અસર થવાની હોવાની સંભાવનાને પગલે સરકારે ચૂંટણી પહેલા બોર્ડના પરિણામ જાહેર કરવાની મનાઈ કરી હતી. હવે ચૂંટણી બાદ એકસાથે બે પરિણામ જાહેર કરાશે.

# બાંધકામ સાઈટના મજૂરના બાળકોને અપાશે મફત શિક્ષણ

### ઉમ્મીદ શિક્ષા રથની ત્રીજી બેચનો શુભારંભ

વી.એમ.મહેતા ફાઉન્ડેશન દ્વારા સંચાલિત 'ઉમ્મીદ શિક્ષા રથ' પ્રોજેક્ટ અંતર્ગત સ્કૂલ બસમાં હરતા ફરતા પૂર્ણ કક્ષાના ક્લાસરૂમ અર્થાત શિક્ષા રથ દ્વારા બાંધકામ ક્ષેત્રે કામ કરતા મજદૂરોના બાળકોને ભણાવવાનું અભિયાન શરૂ કર્યું છે. જેની ત્રીજી બેચનો શુભારંભ આર.કે. ટ્રેડ ટાવર એન્ડ હાઈ સ્ટીટ, શીતલ પાર્ક બસ સ્ટોપ ૧૫૦ ફૂટ રિંગ રોડ ખાતે તા.૧૦ મેના શુક્રવારના રોજ સવારે ૯ કલાકે રાજકોટ મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલના વરદ હસ્તે થશે.

આ ત્રીજી બેચમાં આર.કે. ગ્રૂપની જુદી જુદી બાંધકામની સાઈટ પર કામ કરતા મજદૂરોના ૩૫ જેટલા બાળકોને ઉમ્મીદ શિક્ષા રથના માધ્યમથી ભણાવાશે. આ અભિયાનના અંતર્ગત બાળકોને દત્તક લઈને તેમના અભ્યાસનો તમામ ખર્ચ વી.એમ. મહેતા ફાઉન્ડેશન દ્વારા ઉઠાવવામાં આવશે. બાળકોને ફક્ત પાયાનું અક્ષર જ્ઞાન જ નહીં પરંતુ તેમને શરીરની સંભાળ, ચોખ્ખાઈ અને શિષ્ટાચાર પણ શીખવાડાશે. આ તમામ બાળકોને જરૂરિયાત મુજબ ટેક્સબુક, નોટબુક્સ, યુનિફોર્મ, સ્ટેશનરી, સ્કૂલ બેગ તેમજ જરૂરી એવી તમામ પ્રકારની સુવિધા નિઃશુલ્ક પૂરી પાડવામાં આવશે.

# ભગવાન વિષ્ણુના છઠ્ઠા અવતાર ભગવાનશ્રી પરશુરામજીનો આવતીકાલે જન્મોત્સવઃ વિરલ ભટ્ટ



પ્રાસંગિક : એડવોકેટ વિરલ ભટ્ટ

ગુજરાત હાઈકોર્ટના એડવોકેટ વિરલ ભટ્ટે પ્રાસંગિક જણાવ્યું છે કે ભારતીય સનાતન ધર્મ સંસ્કૃતિ, ભારતના ઋષિ મુનિઓથી રળિયાત છે. પોતે તપ તપી, સત્યની અનુભૂતિ કરી સમસ્ત માનવજાતના કલ્યાણ માટે જીવન વીતાવી, વેદ-ઉપનિષદ, શ્રીમદ ભાગવતગીતા વગેરે પુરાણોની તથા શાસ્ત્રોની રચના કરી, વિચાર-વિજ્ઞાન-વીરતા-વિનમ્રતા વિશાળતા-વિદ્યા જેવી વિવિધતાથી સંસ્કારિત થયેલ જીવનશૈલી આપી માણસાઈ અને માનવતાના પાઠ શીખવી, વંદનીય અનેક ઋષિમુનિઓ અમર થઈ ગયા. વિશ્વમાં શ્રેષ્ઠ કહી શકાય એવો અમૂલ્ય વારસો તેઓએ આપણને આપ્યો. તેથી જ તો ઋષિ પંચમીએ તથા ઋષિમુનિઓની જન્મજયંતીએ હૃદયપૂર્વક યાદ કરી, આપણે કૃતજ્ઞતા વ્યક્ત કરીએ છીએ. વૈશાખ સુદ ત્રીજ - અખાત્રીજના દિવસે , ભૂદેવોના અધિષ્ઠાતા દેવ વિદ્વાનોએ જેમને ભગવાન વાસુદેવના અંશરૂપ ગણ્યા છે તેવા ભૃગુકુલભૂષણ, કાલાગ્નિ સમાં દુઃસહ , કૈલાસ સમ દુર્ઘર્ષ, વેદજ્ઞ પરશુરામજીનો જન્મોત્સવ છે. બ્રહ્મતેજથી દૈદિપ્યમાન, ભભૂકતા અગ્નિ થઈ રોમેરોમ અને નસેનસમાં વીરત્વભરી, એકલે હાથે સ્વપરાક્રમે અનીતિ - અન્યાય - અધર્મ, દુષ્ટતા આચરનાર તત્વોનો ધ્વંસ કરનાર પરશુરામને, આધુનિક યુગમાં નવી પેઢી યાદ કરે છે. સાત ચિરંજીવીઓમાં પણ તેમને સ્થાન આપતા કહ્યું છે કે, અશ્વત્થામા, બલિ, વ્યાસ, હનુમાનશ્ચ, વિભષણ, કૃપ, પરશુરામશ્ચ સપ્તેતિ ચિરંજીવી પરશુરામના પિતા જમદગ્નિ, માતા રેણુકાના પરશુરામ સૌથી નાના પુત્ર હતા.

પરશુરામનું દર્શન, તેજોમય છે. - બ્રહ્મત્વના તેજ થી ઝળહળ, વીરત્વ અને પરાક્રમભર્યા તેજ કિરણોથી શોભતું, ધર્મ-જ્ઞાન-કર્મથી સુગ્રથિત વિરલ દિવ્ય ધન્ય પ્રસંગોથી ધબકતું કૃતવીર્ય બનવું પણ હતવીર્ય નહિ એવો સંદેશ આપતું, દઢતાથી ધારણ કરેલ પરશુ તથા ધનુષ્યબાણથી શોભતું તેમનું દર્શન આપણને તપ, ત્યાગ, બલિદાન તથા શારીરિક શક્તિથી દિવ્ય બનવા પ્રેરણા આપે છે. શ્રીમદ્ ભાગવતના ૯મા સ્કંધના ૧૫-૧૬ અધ્યાયમાં પરશુરામના જીવનનો પરિચય અપાયો છે.



સહસ્ત્રાર્જુન હૈહયકુળનો ક્ષત્રિયોનો રાજા હતો. ગુરુદત્તાત્રેયની કૃપાથી હજાર હાથ શત્રુઓમાં અજિતપણું, નાશ ન થાય તેવી ઈન્દ્રિયશક્તિ, લક્ષ્મી, બળ, યશ પ્રાપ્ત થયા હતા. આ સહસ્ત્રાર્જુન તપોધનમુનિ જમદગ્નિ (પરશુરામના પિતા) પાસે ગયો. જમદગ્નિએ કામધેનુના પ્રભાવથી રાજાઓથી ચઢિયાતો આદર સત્કાર કર્યો. સહસાર્જનની બુદ્ધિ બગડી. ઋષિની કામધેનુને (વાછરડા સાથે) બળજબરીથી લઈ પોતાની નગરીમાં જવા નીકળ્યો. પરશુરામને આ વાતની ખબર પડી એટલે અન્યાયી, અનીતિમાન, દુષ્ટ સહસ્ત્રાર્જુનની પાછળ વિકરાળ સિંહની માફક દોડ્યા સહસ્ત્રાર્જુને પરશુરામ સાથે ભયંકર યુદ્ધ કર્યું. પરશુરામે ફક્ત પોતાના ધનુષ-બાણ-પરશુ વડે અક્ષૌહિણી સેનાનો તથા સહસ્ત્રાર્જુનનો ધ્વંસ કર્યો. પરશુરામે કામધેનુને વાછરડા સાથે પાછી વાળી આશ્રમમાં પિતાજીને સોંપી દીધી. રાજાની હત્યા કરવા બદલ પરશુરામે પિતાની આજ્ઞાથી ભગવાનમાં મન લગાડી, તીર્થસવન કરી પોતાના પાપનો નાશ કર્યો. સહસ્ત્રાર્જુનના પુત્રો પોતાના પિતાના મૃત્યુનો બદલો લેવા તત્પર હતા, પણ પરશુરામના તેજથી ધ્રુજતા હતા, વેર લેવા ઉતાવળા થયેલા સહસ્ત્રાર્જનના પુત્રોએ પરશુરામના પિતા જમદગ્નિ ધ્યાનસ્થ દશામાં બેઠેલા હતા ત્યારે તેમને મારી નાખ્યા. પરશુરામના માતાએ ઘણી વિનંતી કરી કાલા-વાલા પણ કર્યા પણ પેલા પાપી માન્યા નહિ, પરશુરામે આશ્રમમાં આવીને પિતાને મરણ પામેલા દીઠા. ભભૂકતા અગ્નિ સમા બની પરશુરામે હાથમાં ફરસી લઈ સહસ્ત્રાર્જુનના પુત્રોને મારી નાખ્યા. સહસ્ત્રાર્જુનના દીકરાઓ નિર્દોષ ઋષિને મારી નાખ્યા તે અક્ષમ્ય અપરાધ હતો. પરશુરામે જોયું તો પૃથ્વી ઉપર બીજા ક્ષત્રિયો પણ પાપી અને અત્યાચારી બની ગયા હતા. નિર્દોષો ઉપર અત્યાચાર કરતા હતા તેથી પરશુરામે એકવીસ વખત પૃથ્વીને નક્ષત્રી કરી હતી એમ કહેવાય છે. વૈશાખ સુદ ત્રીજની પાવન તિથિએ વિષ્ણુ આવ્યા.

# ટ્રેનની જનરલ ટિકિટ હવે ઘરબેઠા ઓનલાઈન બુક થઈ શકશે

## ટિકિટ બુક કરાવ્યાના ૩ કલાકમાં મુસાફરે ટ્રેન પકડવી પડશે : આર વોલેટ રિચાર્જ પર ૩ ટકા બોનસ પણ મળશે

સામના મિરર, સંવાદદાતા

ટ્રેનમાં મુસાફરી કરવા માટે ફર્સ્ટ ક્લાસ, એસી, સ્લીપર કોચની જ ટિકિટ બુક થઈ શકતી હતી. પરંતુ હવે પશ્ચિમ રેલવે દ્વારા જનરલ કોચમાં મુસાફરી કરવા ઈચ્છતા લોકો માટે પણ ઓનલાઈન ટિકિટનો વિકલ્પ શરૂ કર્યો છે. છેલ્લા કેટલાક સમયથી ટ્રેનના જનરલ બોગીમાં મુસાફરી કરતા લોકોની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો હોવાથી ટિકિટ મેળવવા માટે લોકોની ટિકિટ બારી ઉપર લાંબી લાંબી લાઈનો જોવા મળતી હતી. તેમાં પણ ક્યારેક લોકો લાંબી લાઈનને કારણે ટિકિટ નહિ મેળવી શકતા તેઓ ટ્રેન ચૂકી જતા હતા. તેવા સમયે પશ્ચિમ રેલવેએ લોકોને લાંબી લાંબી લાઈનોમાં ઊભા રહેવાને બદલે મોબાઈલમાં યુટીએસ એપ્લિકેશન




ડાઉનલોડ કરી તેમની જનરલ ટિકિટ ઘર બેઠા બુક કરવાનો વિકલ્પ આપ્યો છે.

જનરલ ટિકિટની સાથે પ્લેટફોર્મ ટિકિટનો પણ વિકલ્પ આપવામાં આવ્યો છે. ઓનલાઈન જનરલ ટિકિટ બુક કરાવ્યા બાદ મુસાફરે ટિકિટ બુક કરાવ્યાના ત્રણ કલાકમાં ટ્રેન પકડવી પડશે. ૨૦૦ કિ.મી.કે તેનાથી વધુ લાંબા અંતરની ટ્રેનોમાં જવા માટે લોકો જનરલ ટિકિટ ઓનલાઈન બુક કરાવી શકે છે. કોન્ટેક્ટલેસ ટિકિટિંગ, કેશલેસ વ્યવહારો અને ટિકિટ બુક કરતી વખતે ગ્રાહકની સુવિધા અને અનુભવને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ સાથે શરૂ કરાયેલા આ વિકલ્પમાં મુસાફરોને આર-વોલેટ રિચાર્જ પર ૩ ટકા બોનસ પણ મળશે તેમ પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી સુમિત ઠાકુરે યાદીમાં જણાવ્યું છે.જનરલ ટિકિટ બુક કરાવવા માટે સૌ પ્રથમ ગૂગલ પ્લે સ્ટોર પરથી યુટીએસ એપ્લિકેશન મોબાઈલમાં ડાઉનલોડ કરવી પડશે. એપ ડાઉનલોડ કર્યા બાદ રજિસ્ટ્રેશન કરવું પડશે. જેમાં તમારા મોબાઈલ નંબર, નામ, જન્મ તારીખ સહિતની વિગતો જણાવવી પડશે. ત્યાર બાદ પાસવર્ડ બનાવી ઓટીપી દ્વારા પ્રોસેસ પૂરી થશે. રજિસ્ટ્રેશન થઈ ગયા પછી બુક ટિકિટ, કેન્સલ ટિકિટ, બુકિંગ વિગતો, આર-વોલેટ સહિતના વિકલ્પો જોવા મળશે. ટિકિટ બુક કરાવવા માટે બુક ટિકિટનો વિકલ્પ પસંદ કર્યા બાદ તેમાં પેપરલેસ અને પેપર એમ બે વિકલ્પ જોવા મળશે. આ બે વિકલ્પમાં પેપરલેસ પસંદ કરો તો મોબાઈલની લોકેશન સર્વિસ ઓન રાખવી પડશે. ત્યાર બાદ ક્યાંથી ક્યાં સુધીની મુસાફરી કરવી છે તેની માહિતી જણાવી પડશે. તમામ વિગતો પૂરી થઈ ગયા બાદ છેલ્લે પેમેન્ટનો વિકલ્પ આવશે અને પેમેન્ટ ચૂકવ્યા બાદ ટિકિટ બુક થઈ જશે.


# ‘EVM તો આપણા બાપનું છે’

## ભાજપ નેતાના પુત્ર વિજય ભાભોરે બૂથમાં ઘૂસી EVM કેપ્ચર કર્યું, મશીન હાથમાં લઈ કહ્યું– ‘BJP જ ચાલે’

લુણાવાડા, તા. ૮: ગુજરાતમાં ગઈકાલે તમામ લોકસભા બેઠકો પર શાંતિપૂર્વક મતદાન થયું હતું, પરંતુ શાંતિપૂર્વક મતદાન વચ્ચે દાહોદ લોકસભા બેઠક પર બૂથ કેપ્ચરિંગની ઘટના બની હતી. જેનો વીડિયો હાલ સોશિયલ મીડિયા પર વાઈરલ થયો છે. દાહોદ લોકસભા બેઠકના મતવિસ્તારમાં મહીસાગરના સંતરામપુર તાલુકાના પરથમપુર ગામમાં બૂથ કેપ્ચરિંગ કરાયું હતું. આ ઘટનામાં ભાજપના જ નેતાના પુત્રે બૂથ કેપ્ચરિંગ કર્યું હતું. ઉપરથી તેણે બૂથ કેપ્ચરિંગની સમગ્ર ઘટના સોશિયલ મીડિયા પર લાઈવ કરી હતી. પોલીસે આ મામલે બે લોકોની અટકાયત કરી ફરિયાદ નોંધવાની તજવીજ હાથ ધરી છે. વિજય ભાભોર પૂર્વ તાલુકા પ્રમુખનો પુત્ર હોવાની માહિતી હાલ સામે આવી રહી છે.

**’EVM તો આપણા બાપનું છે’**

દાહોદ લોકસભા બેઠક પર ભાજપ નેતાના પુત્ર વિજય ભાભોરે બૂથમાં ઘૂસી EVM કેપ્ચર કર્યું હતું. વિજય ભાભોરે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ







ઈન્સ્ટાગ્રામ પર આખી ઘટના લાઇવ પણ કરી હતી. એટલું જ નહીં, વિજય ભાભોરે અન્ય લોકો સાથે મળી ભાજપ ઉમેદવાર માટે બોગસ વોટિંગ પણ કર્યુ હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે. વીડિયોમાં ’EVM તો આપણા બાપનું છે’ તેવું બોલતો હોય તેવું સંભાળાઈ રહ્યું છે.

**ચૂંટણીપંચે રિપોર્ટ મંગાવ્યો**

દાહોદમાં બૂથ કેપ્ચરિંગની ફરિયાદ મામલે ચૂંટણીપંચે રિપોર્ટ મંગાવ્યો છે. ચૂંટણીપંચે જિલ્લા કલેક્ટર પાસેથી રિપોર્ટ મંગાવ્યો હતો. રિપોર્ટના આધારે ચૂંટણીપંચ હવે નિર્ણય લેશે.

**પોલીસે બે લોકોની અટકાયત કરી ફરિયાદ નોંધવાની તજવીજ હાથ ધરી**

આ બાબતે મહીસાગર જિલ્લા કલેક્ટરે ટેલિફોનિક વાતચીતમાં જણાવ્યું હતું કે, આ વીડિયોમાં બોગસ વોટિંગ થયું હોવાનું ધ્યાનમાં આવી રહ્યું છે. વીડિયોમાં જે બે લોકો દેખાઈ રહ્યા છે તેમને પોલીસે પકડી લીધા છે અને ફરિયાદ નોંધવાની કાર્યવાહી હાથ ધરી છે.

**ઈસ્ટાગ્રામ પર આખી ઘટના લાઇવ કરી**

દાહોદ લોકસભા બેઠકમાં બિહારવાળી થઈ હોવાની ઘટના સામે આવી છે. મહીસાગરના સંતરામપુર તાલુકાના પરથમપુર ગામમાં મતદાન વખતે બૂથ કેપ્ચરિંગ થયું હતું. ભાજપ નેતાના પુત્ર વિજય ભાભોરે બૂથમાં ઘૂસી EVM કેપ્ચર કર્યું હતું. વિજય ભાભોરે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર આખી ઘટના લાઇવ પણ કરી હતી. અન્ય લોકો સાથે મળી ભાજપ ઉમેદવાર માટે બોગસ વોટિંગ પણ કર્યું હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

**વીડિયો વાઈરલ થતાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પરથી ડિલીટ કર્યો**

કાયદા કે ચૂંટણીપંચનો જાણે કોઈ ખોફ જ ના હોય તેમ ભાજપ નેતાના પુત્રએ બૂથને હાઈજેક કર્યું હતું. તેને EVM પોતાના સાથે લઈ જવાની વાત પણ કરી હતી. વીડિયો વાઈરલ થતાં વિજય ભાભોરે વીડિયો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પરથી ડિલીટ કર્યો છે. દાહોદ બેઠકના કોંગ્રેસ ઉમેદવાર ડો.પ્રભાબેન તાવિયાડે કલેક્ટરને ફરિયાદ કરી હતી.

## ગુજરાતમાં મતદાન ઓછુ થતા ભાજપની ચિંતા : તાબડતોબ મોડી રાતે કમલમમાં નેતાઓની બેઠક યોજાઇ

### અમિતભાઈએ દિલ્હી જવાનું અચાનક અટકાવ્યું

અમદાવાદ, તા. ૮ : ગુજરાતમાં લોકસભાની ૨૫ બેઠકોમાં સાંજના પાંચ વાગ્યા સુધીના ઓછા મતદાને ભાજપની ચિંતામાં વધારો કર્યો છે. શરૂઆતમાં આક્રમક અને ત્યારપછી ધીમું મતદાન ઉમેદવારોને પણ મૂંઝવી રહ્યું છે. આ સંજોગોમાં ભાજપના પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે ગળહમંત્રી અમીતભાઇ શાહે પ્રદેશ નેતાઓ સાથે બેઠક કરી મતદાન અંગે સમીક્ષા કરી હતી. રાજ્યમાં સાંજના પાંચ વાગ્યા સુધીમાં ૫૫.૨૨ ટકા મતદાન થયું હોવાનો રિપોર્ટ સામે આવતાં પ્રદેશના નેતાઓએ મતદારોના વલણ અંગે ચર્ચા કરી હતી. રાજ્યમાં ક્ષત્રિય આંદોલને કેટલી અસર કરી, કઇ બેઠકમાં કોંગ્રેસને કેટલો ફાયદો થશે તેમજ પાર્ટીની અપેક્ષા પ્રમાણે પ્રત્યેક બેઠકમાં પાંચ લાખની લીડ મળશે કે કેમ તે અંગે મંથન કરવામાં આવી રહ્યું છે. આ બેઠક માટે અમીતભાઇ શાહ દિલ્હીની યાત્રા અટકાવી અચાનક રોકાઈ ગયા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર આ બેઠકમાં પ્રદેશ ભાજપના નેતાઓ, હોદ્દેદાર અને વિવિધ બેઠકના પ્રભારીઓ હાજર રહ્યા હતા. આવી જ એક બેઠક અમદાવાદના એસ.જી.હાઈવે સ્થિત કાર્યાલય ખાતે પણ મળી હતી. કાળઝાળ ગરમીના કારણે સવારના સમયે શરૂઆતમાં મતદાન આક્રમક રહ્યું પરંતુ બપોર પછી અચાનક મતદાન ઓછું થવા પાછળનું કારણ હોઈ શકે છે પરંતુ આ મુદ્દો પણ ભાજપના નેતાઓની બેઠકમાં ચર્ચાનું કેન્દ્ર બન્યો હતો.

## મતદાન કરતો વિડીયો ઉતારી વાયરલ કરનાર મવડીના વેપારી સામે ગુનો નોંધાયો

- **મવડીની આંગણવાડીમાં આવેલા બુથ નં.૭૫ માં વિડીયો ઉતારી દિશાંત પડારીયાએ વાયરલ કર્યો ’તોઃ એસઓજીએ કાર્યવાહી કરી**

રાજકોટ. તા.૮ : લોકસભા ચૂંટણીનું ગઈકાલે થયેલ મતદાન વખતે કલેકટરના જાહેરનામાનો ભંગ કરી મવડી વિસ્તારમાં આવેલ મતદાન મથકમાં મતદાન કરતો વિડીયો ઉતારી વાયરલ કરનાર મવડીના વેપારી સામે એસોજીની ટીમે તાલુકા પોલીસ મથકમાં ગુનો નોંધાવ્યો હતો.

લોકસભાની ચૂંટણીને અનુલક્ષીને પોલીસ સોશિયલ મીડીયા પર સતત વોચમાં હતી ત્યારે સાયબર ક્રાઇમ પીઆઇ જે.એમ.કૈલાની રાહબરીમાં કોન્સ્ટેબલ જયવિરસિંહ ઝાલાને એક વીડીયો જોવા મળ્યો હતો. જેમાં એક યુવાને ઈવીએમનું બટન દબાવતી વખતે તેનો વીડીયો પોતાના મોબાઈલ ફોનમાં ઉતારી લીધો હતો. એટલું જ નહીં તે વીડીયોને પોતાના મિત્રોના ગૃપમાં શેર પણ કર્યો હતો.

સાયબર ક્રાઇમ પોલીસની ટીમે તપાસ કરતા જાણવા મળ્યું કે, આ વીડીયો મવડીની આંગણવાડીમાં આવેલા બુથ નં.૭૫ નો છે. જ્યારે વીડીયો બનાવનારનું નામ દિશાંત મહેશભાઈ પડારીયા (ઉ.વ.૨૪) છે. જે મવડીની રાજદિપ સોસાયટી શેરી નં.૨માં રહે છે.

જેથી તેના વિરૂધ્ધ કલેકટરના જાહેરનામાના ભંગનો ગુનો રાજકોટ તાલુકા પોલીસમાં દાખલ કર્યો હતો. નિયમ મુજબ તેને નોટીસ આપી હતી.ઉલેખનીય છે કે, કલેક્ટરના જાહેરનામા અનુસંધાને મતદાન મથકોમાં મોબાઈલ લઈ જવા પર મનાઈ ફરમાવવામાં આવી હતી. જો કે આ નિયમનું અમુક મતદાન મથકોએ પાલન થયું હતું જયારે કેટલાય મતદાન મથકોએ મોબાઈલ લઈ જવા દેવામાં આવ્યા હોવાની ચર્ચાયું હતું.

# રાજકીય પક્ષો અને ઉમેદવારો જ ચૂંટણી લડતા હતા પ્રજાને ભાગ્યે જ રસ હતો

## ૨૦૧૯ની સરખામણીમાં દેશની પેટર્ન પર ગુજરાતમાં પણ ઓછું મતદાન દર્શાવે છે કે ૨૦૧૪-૨૦૧૯માં જે મુદા હતા તે આ ચૂંટણીમાં જોવા મળ્યા નથી

રાજકોટ, તા. ૮ઃ લોકસભા ચૂંટણીમાં ગુજરાતની ૨૫ બેઠકો પર ગઈકાલે 'હીટ-વેવ'ની સ્થિતિ વચ્ચે થયેલા મતદાનથી હવે પરિણામનું સસ્પેન્સ અપાવી દીધુ છે અને આગામી તા.૪ના રોજ મતગણતરી સમયે આ ઓછા મતદાનની અસરથી કોઈ અપસેટ સર્જાતો કે પછી ભાજપની હેટ્રીક જ જોવા મળશે તે ચર્ચા છે એ વાસ્તવિકતા છે કે ૨૦૧૯ કરતા રાજયમાં મતદાન ટકાવારી ઘટી છે.

પાંચ વર્ષ પુર્વેની લોકસભા ચૂંટણીમાં ૬૪.૫૧% મતો પડયા હતા અને તેઓ ભાજપે તમામ ૨૬ બેઠકો પર મોટી લીડથી વિજય મેળવ્યો હતો. તે સમયે આ ચૂંટણીમાં ઓછુ મતદાન એ ભાજપ માટે પણ ચિંતા છે. જો કે આ પક્ષના નેતાઓ દાવો કરે છે કે અમારા કમીટેડ મતદારો ઉપરાંત વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ફરી વડાપ્રધાન બનાવવા માટે જેઓ ઈચ્છે છે તેઓએ મતદાન કર્યુ છે અને વિપક્ષો નબળા હતા તેથી તેઓ મતદાન કરાવી શકયા નહી તેથી મતદાન પર અસર પડી છે. ગુજરાતમાં મતદાન સમયે હીટવેવ હશે તે આગાહી લાંબા સમય પુર્વે થઈ હતી અને તેમાં ભાજપે વહેલા મતદાન માટે તેના જે બૂથ મેનેજમેન્ટની ચિંતા કરી હતી તે કારગર નિવડી નહી હોવાનું પક્ષના સૂત્રો સ્વીકારી રહ્યા છે જે રીતે મતદાન મથકો આસપાસ 'ટેબલ' ગોઠવવા જોઈએ કે સોસાયટી અને ચોકકસ પોકેટના મતદારોનું વોટીંગ થવું જોઈએ તેનો સવારથી જ અભાવ જણાતો હતો અને બપોર થતા જ મતદાનનો પ્રવાહ ઘટવા લાગ્યો હતો અને પછી સાંજે આખરી કલાકોમાં પણ તે જોર પકડી શકયો નહી તે વાસ્તવિકતા છે.

**મુદાઓનો અભાવ**

દેશમાં લોકસભા ચૂંટણી ફકત ફરી મોદી કે મોદી નહી તેવા જ મુદા પર ચાલી ગઈ છે અને સ્થાનિકથી લઈને રાષ્ટ્રીય મુદાઓનો અભાવ જોવા મળ્યો હતો. સૌથી મહત્વનું એ છે કે રાજયમાં એક માત્ર બનાસકાંઠા બેઠક પર જ ૨૦૧૯ કરતા વધુ મતદાન થયુ તેમાં હવે ઉમેદવારોની ભૂમિકા મહત્વની બની હોવાનું માનવામાં આવે છે. લોકસભા ચૂંટણીમાં જે રીતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની છ રેલીઓ પર જ ભાજપ કોઈ મુદા સર્જવા આધારીત હતો અથવા મોદીને ફરી વડાપ્રધાન બનાવવા માટે મત માંગ્યા હતા. ભાજપે આ ચૂંટણીના પ્રારંભે જ જે રીતે ત્રીજી ટર્મ નિશ્ચિત હોવાનો નેરેટીવ બનાવ્યો અને ફકત ૪૦૦ને પાર માટે જ અને પાંચ લાખની લીડ જ જોઈએ તે નેરેટીવ બનાવ્યો પછી કોઈ એવા મુદા મુકયા નહી કે લોકોને તે માટે મતદાન કરવા માટે પણ પ્રેરણા મળે.



- **ઓછું મતદાનઃ હીટવેવ નાનૂ ફેકટર; કોઈ મુદા નહી તે મોટું કારણ**
- **ભરૂચ-ભાવનગર જેવી બેઠકોમાં સમજુતી છતાં 'આપ' એકલી જ લડી રહી હોય તેવા માહોલ પણ મતદાન ઘટાડી ગયો**
- **મંગળસૂત્ર-મુસલમાન-ભેસના ભાગલા અને અનામત જેવા મુદાઓથી ગુજરાત ઘણું આગળ ચાલ્યુ ગયુ છે તે ભાજપ સમજી શકયો નહી અને તેનાથી લોકોને નેગેટીવ ફિલીંગ થઈ**
- **કોંગ્રેસમાં પક્ષ નહી ઉમેદવાર ચૂંટણી લડી રહ્યા હોય તેવી સ્થિતિ જ નથીઃ પક્ષ માહોલ સર્જી શકયો નહીઃ મુદાઓમાં ફકત મોદી હટાવના જ એજન્ડાઃ અનેક બેઠકો પર ટોકન ફાઈટ જેવા ઉમેદવાર મુક્તા મતદારો નિરાશ થયા**

આ માટે રસપ્રદ વિશ્લેષણમાં એવું કહેવાયું કે જેમાં એવું માનવા લાગ્યા કે મોદી ફરી આવવાના જ છે તેઓમાં એક વર્ગ મતદાનથી દુર રહ્યો. આપણા પક્ષની જરૂર નથી તે ભાવ પણ થોડો કામ કરી ગયો તો બીજો વર્ગ એ કે જેઓ નેગેટીવ હતા કે આપણા મતથી હારવાનો નથી તેથી મત આપવા ગયા નહી તે પણ ઓછા મતદાનનું એક કારણ છે. ભાજપે તેનો ૪૦૦ પાર પાંચ લાખની લીડનો જે નેરેટીવ ઓવર ચગાવ્યો તે પણ લોકોને નિરઉત્સાહ કરી ગયો તો તેના કારણે કાર્યકર્તાઓની આક્રમકતા ઘટી ગઈ હતી અને તેમાં કોંગ્રેસ પાસે અનેક બેઠકો પર ફકત ટોકન ફાઈટ આપી નહી હોવા જેવા જ ઉમેદવાર મૂકયા હતા તે પણ એક કારણ બની રહ્યું હોવાનું માનવામાં આવે છે.

તો ભાજપમાં જે રીતે પેરેશુટ ઉમેદવાર મુકાયા કે મોદીના નામે કમળ પર મત પડશે તેવું નિશ્ચિત કરીને જેઓ પ્રજા સાથે સંપર્ક નહીવત હોય તેવા ચહેરાને ઉમેદવાર બનાવ્યા તેનાથી પણ મતદાનનો ઉત્સાહ ઘટયો. ઉમેદવારને ચુંટવા નહી પણ મોદીને હરાવવા કે જીતાડવા જ મતદાન કરાયુ હતું. ગુજરાતમાં મંગળસૂત્ર કે ભેસ જેવા મુદા અથવા તો અનામત- હિન્દુ મુસ્લીમ જેવા મુદાઓ ગુજરાતમાં અસરકારક નિવડતા નથી અને રામમંદિર એ ઘસાઈ ગયેલો મુદો છે તેવું રાજકીય વિશ્લેષણ થયું છે અને ગુજરાત નવી સમૃદ્ધિ, નવા પ્રોજેકટ ઈચ્છે છે પણ તેવું કંઈ પ્રેઝન્ટેશન ભાજપ મતદારો સમક્ષ કરવામાં નિષ્ફળ રહ્યા છે.

**કીમ બેઠકો પર મતદાન ઘટયું**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના પ્રભાવવાળા મતક્ષેત્ર ગાંધીનગર-અમદાવાદ પુર્વ અને પશ્ચીમ મતદાન ૫થી૬% ઘટયુ છે અને ખાસ કરીને અમદાવાદમાં જે રીતે ઘાટલોડીયા સહિતના મતવિસ્તારોમાં મતદાન ઘટયું તેનો ભાજપ પાસે પણ જવાબ નથી. આ તમામ બેઠકો પર જીત નિશ્ચિત છે અને મોદી-શાહ-ભુપેન્દ્ર પટેલના મતક્ષેત્રોના મતદારો પુરી રીતે પણ બહાર આવ્યા નહી.

**કોંગ્રેસ ફેકટર**

ભાજપથી સાવ ઉંધુ કોંગ્રેસમાં પક્ષ નહી ઉમેદવાર ચૂંટણી લડી રહ્યા હોય તેવું દ્રશ્ય હતું અને તેથી બનાસકાંઠા જયાં સૌથી વધુ મતદાન ૨૦૧૯ કરતા વધુ થયુ તે કોંગ્રેસની આક્રમકતા ને કારણે હોવાનું માનવામાં આવે છે. ભરૂચમાં ૨૦૧૯ના ૭૭.૫૫% મતદાન સામે આ ચૂંટણીમાં ૬૮.૫૫% મતો પડયા તેમાં આ બેઠક પર 'ઈન્ડી' ગઠબંધનની સમજુતીના ભાગરૂપે આમ આદમી પાર્ટીને લડવા અપાઈ હતી જયાં ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા ઉમેદવાર હતા પણ કોંગ્રેસ પક્ષ છેલ્લે સુધી તેને સાથ આપતો હોય તેવું ચિત્ર ન હતું.

પ્રિયંકા ગાંધી પણ આવ્યા તો પણ આ ક્ષેત્રમાં નહી વલસાડમાં ગયા અને ગેનીબેન માટે બનાસકાંઠામાં પ્રચાર કર્યો. ભાવનગરમાં પણ કોંગ્રેસ પક્ષ જે રીતે પ્રચારમાં જોડાવાથી દુર રહ્યો છે તે પણ એક કારણ ગણાય છે.

**ક્ષત્રિય ઈફેકટ**

રાજયમાં ચૂંટણી સમયે જ સર્જાયેલા ક્ષત્રિય વિવાદમાં અનેક બેઠકો પર ક્ષત્રિયોના સામુહિક મતદાનના દ્રશ્યો જોવા મળ્યા. ભાજપે ક્ષત્રિય સમાજમાં ભાગલા પાડવા પ્રયાસો કર્યા છતાં આક્રમક મતદાન થયુ છે કે કેમ તે પ્રશ્ન છે. હવે આ સમુદાયનું મતદાન કેટલું અસરકારક બની શકે છે તે પ્રશ્ન છે તો તેની સામે કોઈ બેઠક પર પાટીદાર કે અન્ય સમાજ તેટલો આક્રમક ન હતો. વલસાડમાં મતદાન હતા. ચૂંટણીમાં સૌથી વધુ થયુ તેમાં આ બેઠક પર ભાજપ માટે 'જોખમ' વધ્યુ છે. અહી ૨૦૧૯ના ૭૫.૪૮% સામે આ વખતે ૭૨.૨૪% થયુ છતા પુરા રાજયમાં તે સૌથી વધુ રહ્યું તે નોંધ લેવી પડે એકંદરે આ ચૂંટણી રાજકીય પક્ષો અને ઉમેદવાર લડી રહ્યા હતા તે માહોલ મતદારોને નિરૂત્સાહી કરી ગયો હોવાનું માનવામાં આવે છે.

# માત્ર મારા કારણે પક્ષે પણ સહન કરવું પડ્યું : લોકસભાની ચૂંટણીના મતદાનના બીજા દિવસે ફરી પરસોતમભાઈ રૂપાલાએ ભુલ સ્વીકારી

- **માણસ માત્ર ભૂલને પાત્ર : ક્ષત્રિય સમાજને ફરી રૂપાલાના ‘મિચ્છામી દુકકડમ’**
- **મારો ઈરાદો કયારેય ખરાબ ન હતો : માતૃશકિત મને માફ કરેઃ શાંતિપૂર્વક મતદાન બદલ સૌનો આભાર : લીડની ભવિષ્યવાણી કરવી નથી!**



રાજકોટ, તા.૮ઃ રાજકોટ લોકસભાની પુરા રાજયમાં કેન્દ્રમાં રહેલી ચૂંટણીનું મતદાન ગઈકાલે પૂર્ણ થયું છે. ગત ચૂંટણી કરતા મતદાનમાં થોડો ઘટાડો થયો છે ત્યારે આજે સવારે ભાજપના ઉમેદવાર અને કેન્દ્રીય મંત્રી પરસોતમભાઈ રૂપાલાએ મતદાન બાદ પણ વધુ એક વખત ક્ષત્રીય સમાજની માફી માગીને તેમનાથી મોટી ભુલ થયાનો સ્વીકાર કર્યો હતો. સાથે જ માણસ માત્ર ભુલને પાત્ર તેવું કહીને ‘મિચ્છામી દુકકડમ’ કહ્યું હતું.

આજે સવારે લોકસભા ભાજપના કાર્યાલય ખાતે પરસોતમભાઈ રૂપાલાએ પત્રકારો સાથે વાતચીત કરી હતી તેઓએ જણાવ્યું હતું કે મારા ૪૦ વર્ષના જાહેર અને રાજકીય જીવનમાં આ સૌથી પીડાદાયક સમય હતો અને સૌથી કઠીન સમયમાંથી પસાર થયો છું. આવી સ્થિતિનો સામનો કયારેય કર્યો નથી.

મારા એક નિવેદનથી પુરી ચૂંટણીમાં વમળો સર્જાઈ ગયા હતા. મારા નિવેદનની ભુલના કારણે પક્ષને અને સાથીદારોને પણ સાંભળવાનો વખત આવ્યો હતો. મારા ઉપરાંત પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલે પણ માફી માંગી અને પુરી પાર્ટીએ ઘણું સહન કરવું પડયું છે.

તેમણે જણાવ્યું હતું કે, મારા નિવેદનો કાયમ પાર્ટી માટે એસેટ હતા. પરંતુ હું ઉમેદવાર બન્યો તે બાદ મારાથી ભુલ થયાનો એકરાર કરૂં છું. મારી ભુલના કારણે મેં વ્યકિતગત અને જાહેરમાં અનેક વખત માફી માંગી છે. ચૂંટણીમાં માફી માગવી તેનો બીજો અર્થ નિકળે તે પણ સ્વભાવિક છે. આજે હું ફરી નમ્રતા પૂર્વક ક્ષત્રિય સમાજની માતૃશકિતની પણ માફી માંગુ છું. વિકસીત ભારતમાં કાયમ ક્ષત્રિયોનું યોગદાન રહ્યું છે અને ભવિષ્યમાં પણ તેઓ વિકાસમાં ભાગીદાર બનશે.

આ વિવાદ છતા ચૂંટણી શાંતિપૂર્ણ પુરી થઈ છે. ૨૦ વર્ષથી સૌરાષ્ટ્રમાં પાટીદાર અને ક્ષત્રિયો વચ્ચે ભાઈચારાનું વાતાવરણ છે. આવી સામાજીક સમરસતા કાયમ રહેવી જોઈએ. ક્ષત્રિય યુવાનો પર થયેલા કેસનો સંવાદથી ઉકેલ આવશે. સંપૂર્ણ શાંતિ બદલ પણ તેમણે સમાજનો આભાર માન્યો હતો. તેમનો ઉદ્દેશ વૈમનસ્ય ફેલાઈ તેવો કયારેય ન હતો. તેઓએ આજે મિચ્છામી દુકકડમ કહીને ક્ષત્રિય સમાજની ફરી માફી માંગી હતી. મારાથી બોલાઈ ગયું હતું. હવે સમાજ તેમને માફ કરે તેવી અપીલ છે. લીડ અંગેના સવાલના જવાબમાં તેમણે કહ્યું હતું કે હું લીડની ભવિષ્યવાણીમાં માનતો નથી. મારે આવી કોઈ આગાહી કરવી નથી. નવા સ્ટાર પ્રચારકોની યાદીમાં મારૂ નામ છે. પક્ષ કહે ત્યારે અને કહે ત્યાં તેઓ પ્રચાર માટે જશે. આ રીતે આજે કેન્દ્રીય મંત્રીએ મતદાન બાદ પણ વધુ એક વખત દિલથી માફી માંગી છે.

---

# રાજકોટ લોકસભા બેઠકનાં મતદાનમાં ૩.૫૪% નો ઘટાડો : ૫૯.૬૦% વોટીંગ

- **સૌ પ્રથમવાર ભાજપ-કોંગ્રેસ દ્વારા જીલ્લા બહારના ઉમેદવાર મુકાતા કેન્દ્રીયમંત્રી રૂપાલા અને ધાનાણી વચ્ચે કસોકસનો ખેલાયો ચૂંટણી જંગ**

રાજકોટ, તા.૮ઃ રાજયભરમાં ક્ષત્રિય આંદોલનના એપી સેન્ટર એવા રાજકોટની લોકસભાની બેઠકની ચૂંટણીમાં ગઈકાલે સવારનાં ૭ થી સાંજના ૬ વાગ્યા સુધીમાં ૫૯.૬૦ ટકા મતદાન થવા પામેલ છે.

રાજકોટ લોકસભાની બેઠક ઉપર આ વખતે સૌ પ્રથમવાર ભા.જ.પ અને કોંગ્રેસ દ્વારા જીલ્લા બહારનાં ઉમેદવારો મુકાયા હતા. જેમાં ભા.જ.પ.નાં ઉમેદવાર અને કેન્દ્રીય મંત્રી પરસોતમ રૂપાલા અને કોંગ્રેસનાં પરેશ ધાનાણી વચ્ચે કસોકસનો જંગ ખેલાયો હતો.

જોકે ક્ષત્રિય આંદોલન અને ગરમીનો પારો ગઈકાલે ૪૨ ડીગ્રીએ પહોંચતા તેની મતદાન પર અસર થવા પામી છે.મતદાન બાદ પરિણામ અંગે સસ્પેન્સ રહેલુ છે ત્યારે હવે મતપેટીઓનાં પટારા ખુલતાં સસ્પેન્સ પરથી પરદો ઉંચકાશે.

રાજકોટ બેઠક પર ૫૯.૬૦ ટકા થયેલા મતદાનમાં સૌથી વધુ મતદાન ટંકારા વિધાનસભા વિસ્તારમાં ૬૫.૮૮ ટકા થવા પામેલ છે. જયારે સૌથી ઓછુ મતદાન ૫૭.૮૦ ટકા મતદાન રાજકોટ સાઉથમાં થયેલ છે. જયારે વાંકાનેરમાં ૬૪.૬૭ ચકા રાજકોટ ઈસ્ટમાં ૫૭.૮૮ ટકા રાજકોટ વેસ્ટમાં ૫૭.૮૪ ટકા રાજકોટ રૂરલમાં ૫૮.૫૮ ટકા અને જસદણમાં ૫૫.૬૯ ટકા મતદાન થવા પામેલ છે.

ગત લોકસભાની ચૂંટણીમાં ૬૩.૧૪ ટકા મતદાન થવા પામેલ હતું. તેની સાપેક્ષમાં આ વખતે ૫૯.૬૦ ટકા મતદાન થતાં મતદાનની ટકાવારી ૩.૫૪ ટકાનો ઘટાડો થવા પામેલ છે.રાજકોટ લોકસભા બેઠક પર પુરૂષોનું ૬૪.૪૨ ટકા મહીલા મતદારોનું ૫૪.૪૩ ટકા અને અન્ય મતદારોનું ૧૯ ટકા મતદાન થવા પામેલ હતું.

જેમાં નોંધાયેલા પુરુષ મતદારો ૧૦,૯૩,૬૨૬માંથી ૭,૦૪,૫૦૪ મતદારોએ (૬૪.૪૨ ટકા) મતદાન કર્યું છે. તો નોંધાયેલા મહિલા મતદારો ૧૦,૧૮,૬૧૧માંથી ૫,૫૪,૩૯૪ (૫૪.૪૩ ટકા) મહિલાઓએ મતદાન કર્યું છે. જયારે નોંધાયેલા અન્ય ૩૬ મતદારોમાંથી સાત મતદારો (૧૯ ટકા)એ મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.

જેમાં ૬૬-ટંકારા વિધાનસભા મત વિસ્તારમાં ૧૨૯૯૮૫ પુરુષ મતદારો, ૧૨૨૩૭૦ મહિલા મતદારો તેમજ ૦ અન્ય મતદારો મળીને કુલ ૨૫૨૩૫૫ નોંધાયેલા છે. જેમાંથી ૯૧૮૮૨ પુરુષ મતદારો, ૭૪૩૫૮ મહિલા મતદારો મળીને કુલ ૧૬૬૨૪૦ મતદાન કર્યું છે. આમ પુરુષોનું ૭૬.૬૯ ટકા, સ્ત્રીઓનું ૬૦.૭૬ ટકા મળીને કુલ ૬૫.૮૮ ટકા મતદાન થયું છે.

૬૭-વાંકાનેર વિધાનસભા મત વિસ્તારમાં ૧૪૮૪૨૧ પુરુષ મતદારો, ૧૩૯૧૩૬ મહિલા મતદારો તેમજ ૨ અન્ય મતદારો મળીને કુલ ૨૮૭૫૫૯ મતદારો નોંધાયેલા છે.

# રાજકોટમાં સતત બીજા દિવસે કાળઝાળ ગરમીઃ આજે પણ ૪૨ ડિગ્રી વટાવશે

## બપોરે અઢી કલાકે ૪૧.૪ ડિગ્રીઃ કાલથી ગરમી થોડી ઘટશે

રાજકોટ,તા.૮ઃ રાજકોટ શહેરમાં ગઈકાલે ૪૨.૭ ડિગ્રી તાપમાન સાથે ૪૩-ડિગ્રી નજીક ઉષ્ણતા પારો પહોંચી ગયુ હતું. ત્યારે આજે સતત બીજા દિવસે પણ શહેરનું તાપમાન ૪૩-ડિગ્રી નજીક પહોંચી જાય તેવી પુરી શકયતા છે.

આજે બપોરે ૨.૩૦ કલાકે રાજકોટનું તાપમાન ૪૧.૪ ડિગ્રી નોંધાયુ હતું.અને હવામાં ભેજ ૨૨ ટકા રહ્યો હતો. જયારે પવન ઝડપ ૧૦ કી.મી પ્રતિ કલાક રહેવા પામતા આજે પણ અંગ દઝાડતી લૂં અનુભવાઈ હતી. દરમ્યાન આજે સવારે ૮.૩૦ કલાકે શહેરનું તાપમાન ૨૯.૪ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૫.૪ ડિગ્રી નોંધાયું હતું. જયારે સવારે હવામાં ભેજ ૭૧ ટકા રહ્યો હતો. અને પવનની સરેરાશ ઝડપ ૧૦ કી.મી. રહેવા પામી હતી.દરમ્યાન હવામાન વિભાગનાં જણાવ્યા મુજબ ફરી આવતી કાલથી ગરમીમાં થોડી રાહત રહેશે.આવતીકાલથી ૨ થી ૩ ડિગ્રી તાપમાન ઘટશે અને મહત્તમ તાપમાન ૩૮ થી ૪૦ ડિગ્રી વચ્ચે નોંધાશે.



# રાજકોટ લોકસભા બેઠકના ભાજપ-કોંગ્રેસ સહિતના નવ ઉમેદવારોના ભાવિ મત પેટીઓમાં કેદ થયા

- **રિસીવીંગ-ડીસ્પેચીંગ સેન્ટરો પરથી વોટીંગ મશીનો સ્ટ્રોંગ રૂમમાં પહોંચાડવાની કામગીરી રાતભર ચાલીઃ અર્ધ લશ્કરી દળોના જવાનોનો સતત ચોકી પહેરોઃ તા.૪ના જાહેર થશે જનાદેશ**



રાજકોટ, તા.૮ઃ રાજકોટ લોકસભા બેઠકની ગઈકાલે યોજાયેલ ચૂંટણીમાં ભાજપ-કોંગ્રેસ સહિતના ૯ ઉમેદવારોના ભાવિ વોટીંગ મશીનોમાં કેદ થયા બાદ ૭૮૦૦થી વધુ ઈવીએમ-વીવીપેટને રિસીવીંગ, ડીસ્પેચીંગ સેન્ટરો પરથી કણકોટની સરકારી ઈજનેરી કોલેજના સ્ટ્રોંગ રૂમમાં ખાસ વાહન માર્ગે પહોંચાડવાની કામગીરી રાતભર ચાલી હતી. રાજકોટ લોકસભા બેઠક વિસ્તારના ૨૨૩૬ મતદાન બુથો ઉપર ગઈકાલે મતદાન થવા પામેલ હતું. આ મતદાન મથકો પરથી ઈવીએમ, વીવીપેટ (વોટીંગ મશીનો) મતદાન પુરૂ થયા બાદ ચૂંટણી સ્ટાફ તેને લઈને ડીસ્પેચીંગ રીસીવર સેન્ટરો પર ચૂસ્ત સુરક્ષા બંદોબસ્ત વચ્ચે પરત ફર્યો હતો.

આ ઈવીએમ, વીવીપેટને ડીસ્પેચીંગ-રીસીવર સેન્ટરો જેમાં પી.એન. ટી.વી. શેઠ હાઈસ્કૂલ (રાજકોટ પૂર્વ) એસ.વી. વિરાણી હાઈસ્કૂલ (રાજકોટ પશ્ચિમ) રણછોડદાસજી કોમ્યુનિટી હોલ (રાજકોટ દક્ષિણ), એ.એસ. ચૌધરી હાઈસ્કૂલ (રાજકોટ ગ્રામ્ય) મોડેલ સ્કૂલ જસદણ (જસદણ), ગોંડલ સંગ્રામજી હાઈસ્કૂલ (ગોંડલ), જેતપુર સેન્ટ ફ્રાન્સીસ સ્કૂલ અને ધોરાજી ભગવતસિંહજી હાઈસ્કૂલના સેન્ટર પર ૨૩૮ ઝોનલ રૂટ પરથી લવાયા હતા.

જે બાદ ત્યાંથી ઈવીએમ અને વીવીપેટ (વોટીંગ મશીનો)ને રાજકોટની સરકારી ઈજનેરી કોલેજના સ્ટ્રોંગ રૂમમાં સુરક્ષા દળોના બંદોબસ્ત હેઠળ લવાયા બાદ તેને ઉમેદવારોની હાજરીમાં સીલ કરી દેવામાં આવેલ છે. આ સરકારી ઈજનેરી કોલેજના સ્ટ્રોંગ રૂમ પર અર્ધલશ્કરી દળનો ચોકીપહેરો મુકી દેવામાં આવેલ છે. હવે આગામી તા.૪ જુનના મત ગણતરી થનાર હોય કણકોટની આ સરકારી ઈજનેરી કોલેજના મત ગણતરીના કેન્દ્રો પર વોટીંગ મશીનનો પટારો ખુલતા જનાદેશ જાહેર થશે. રાજકોટ લોકસભા બેઠકની આ ચૂંટણી જીલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થતા વહીવટી તંત્રે રાહતનો દમ લીધો છે. રાજકોટ લોકસભા બેઠક વિસ્તારમાં ૨૨૩૬ મતદાન બુથો પર ચૂંટણી ફરજ પર ૧૩૦૦૦ જેટલા કર્મચારીઓને રોકવામાં આવેલ હતા.

આ વખતે ઝડપી વોટીંગ થાય તે માટે એકસ્ટ્રા કર્મચારીઓને પણ ફરજ સોંપવામાં આવી હતી. પરંતુ કાળઝાળ ગરમી સહિતના પરીબળોના પગલે મતદારોમાં નિરૂત્સાહ રહેતા મતદાન પર તેની અસર થવા પામી છે.

# ગુજરાતના ૧૮૨ ઉમેદવાર તેમાંથી ૯૪ સૌરાષ્ટ્રના: તમામનો પાટનગરમાં કેમ્પ

- **ગુજરાતની સહકારી લડાઇ દિલ્હી પહોંચી: કાલે ભાજપના જ નેતાઓના ‘બળાબળ’ના પારખા**
- **ભાજપે સત્તાવાર ઉમેદવાર બીપીન પટેલને જીતાડવા કમર કસી: મત આપવા તમામ મતદારોને સુચનારૂપી સંદેશો**
- **ઇફ્કોમાં સતત ત્રીજી ટર્મમાં પોતે જ જીતશે; જયેશ રાદડીયાનો હુંકાર: પાટનગરમાં જબરા કાવાદાવા**




રાજકોટ, તા.૮: ગુજરાતમાં લોકસભાની ચૂંટણી ખત્મ થવા સાથે જ હવે સહકારી યુદ્ધના મંડાણ થઇ ગયા છે. ઇફ્કોની કાલે યોજાનારી ચૂંટણીમાં ભાજપના જ ત્રણ સહકારી નેતાઓ મેદાને પડ્યા હોવાથી જબરી ઉત્તેજના પ્રવર્તવા લાગી છે. સહકારી લડાઇ દિલ્હી પહોંચી હોય તેમ મતદારોને પાટનગર લઇ જઇને કેમ્પમાં રાખવામાં આવ્યા છે. ત્રણેય ઉમેદવારો દ્વારા અંતિમ ઘડીના કાવાદાવા થવાનું સ્પષ્ટ છે.

રાજકોટના સહકારી નેતા અને ધારાસભ્ય જયેશ રાદડીયાએ જીત મેળવવાનો વિશ્વાસ દર્શાવ્યો છે.

ઇફ્કોમાં ગુજરાતની ગ્રામ્ય મંડળીની બેઠક પર જંગ છે. ભાજપ દ્વારા સત્તાવાર ઉમેદવારનો મેન્ડેટ બીપીન પટેલ (ગોતા)ના નામનો જારી કરવામાં આવ્યો હોવા છતાં જયેશ રાદડીયા તથા મહેસાણાના પંકજ પટેલે ઉમેદવારી નોંધાવી હતી અને ‘લડી લેવાનો’ મિજાજ દર્શાવ્યો હતો. ઇફ્કોમાં સમગ્ર ગુજરાતના ૧૮૨ મત છે તેમાંથી ૯૪ સૌરાષ્ટ્રના મત છે. ભાજપના જ સહકારી નેતાઓ વચ્ચે વ્યકિતગત ધોરણે બળાબળના પારખા થવાનું નિશ્ચિત ગણવામાં આવી રહ્યું છે.

ઇફ્કોના બોર્ડમાં છેલ્લા બે ટર્મથી ડાયરેકટર રહેલા જયેશ રાદડીયાનો સંપર્ક કરતાં તેઓએ કહ્યું કે પોતે અગાઉ જ ફોર્મ ભરી દીધું હતું અને હવે આવતીકાલે ‘લડી લેવાશે’. મતદારોએ દિલ્હીમાં જ મુકામ કર્યો છે. બહુમતી મતદારોનું સમર્થન હોવાથી જીતનો વિશ્વાસ છે. પાર્ટીનો મેન્ડેટ બીપીન પટેલના નામનો જારી થયો છે. સહકારી રાજકારણમાં મેન્ડેટ હોતો નથી છતાં ભાજપ દ્વારા અપાયો છે. ગુજરાતની એક માત્ર બેઠક પર જ કેમ મેન્ડેટ અપાયો તે પણ સવાલ છે. આ જ મુદ્દે ભાજપના જ સહકારી નેતા દિલીપ સંઘાણીએ ઉઠાવ્યો હતો. તેનો રાદડીયાએ પુર્નોચ્ચાર કર્યો હતો. બીજી તરફ ભાજપ દ્વારા જેમનો સત્તાવાર ઉમેદવાર જાહેર કરાયા છે તેવા બીપીન પટેલની તરફેણમાં મતદાન કરવા પાર્ટી તરફથી મતદારોને સંદેશા પાઠવવામાં આવી રહ્યા છે. સ્થાનિક ભાજપ સંગઠનના સૂત્રોએ કહ્યું છે કે પ્રદેશ નેતાગીરીની સુચના પ્રમાણે સંબંધિત જીલ્લાના તમામ મતદારોને બીપીન પટેલને મત આપવાની ટેલીફોનિક સુચના આપી દેવામાં આવી છે. મતદારો હવે પાર્ટી લાઇનમાં રહે છે કે વ્યકિતગત રીતે પોતાના નેતાને મત આપે છે. તેના પર મીટ છે. મતદારોની હાલત કફોડી બન્યાનું એક આગેવાને કહ્યું હતું.

ભાજપના સહકારી વોકના આંતરિક બળાબળના પારખામાં કોણ મેદાન મારી જાય છે તે આવતીકાલે સાંજ સુધીમાં સ્પષ્ટ થઇ જશે. કાલે સવારે આઠ વાગ્યાથી મતદાન શરૂ થશે અને તે પૂર્ણ થયા બાદ મતગણતરી કરીને જાહેર કરી દેવામાં આવશે. સહકારી આગેવાનો એવો દાવો કરી રહ્યા છે કે ઇફ્કોના જંગ બાદ તેના પ્રત્યાઘાતો ભાજપના આંતરિક રાજકારણમાં પણ પડી શકે છે. ભાજપ સહકારી ચૂંટણી પણ પાર્ટીના ધોરણે જ લડતું રહ્યું છે. ઇફ્કોમાં પણ બીપીન પટેલને મેન્ડેટ આપીને પ્રણાલી જાળવી રાખી હતી.

પાર્ટીના આદેશ છતાં મેદાને પડેલા જયેશ રાદડીયા તથા પંકજ પટેલે બળવો કર્યાનું ગણાશે કે કેમ? અને તે સંજોગોમાં પાર્ટીનું વલણ કેવું રહેશે સહિતના મુદાઓ આવતા દિવસોમાં ચર્ચાની એરણે ચડી શકે છે. આવતા દિવસોમાં લોકલ સ્તરે પણ સહકારી ચૂંટણીઓ થવાની છે અને

---

# રાજયમાં સરેરાશ ૫૯.૫૧% મતદાન નોંધાયું, ૨૦૧૯માં ૬૪.૫૧% હતું : ૫% ઓછા મત પડયા

- **વલસાડમાં સૌથી વધુ ૭૨.૨૪ ટકા અને અમરેલીમાં સૌથી ઓછું ૪૯.૨૨ ટકા : એક માત્ર બનાસકાંઠામાં ૨૦૧૯ કરતા મતદાનની ટકાવારીમાં વધારો બાકીના તમામ મતક્ષેત્રોમાં મતદાન ઘટયું**

રાજકોટ, તા. ૮: ગુજરાતમાં લોકસભાની ૨૫ બેઠકો પર યોજાયેલું ચૂંટણી મતદાન સરેરાશ ૫૯.૪૯ ટકા થયું છે. જે ૨૦૧૯ની તુલનાએ ૫ ટકા જેટલું નોંધપાત્ર પ્રમાણમાં ઓછું રહેતા રાજકીય પક્ષો અને વિશ્લેષકો સ્તબ્ધ બન્યા છે. ઓછા મતદાનથી કોને લાભ અને કોને નુકસાન ? તે વિશેની અટકળો જોર પકડવા લાગી છે. ભાજપ તમામ બેઠકો જીતવાની હેટ્રીક કરશે કે કોંગ્રેસ ગાબડુ પાડશે તે વિશે પણ તર્ક-વિતર્કો વ્યકત થવા લાગ્યા છે. ગુજરાતની ૨૫ બેઠકોનું મતદાન શાંતિપૂર્ણ રીતે સંપન્ન થયું હતું. ચૂંટણી પંચ દ્વારા મોડી રાત્રે મતદાનનો આંકડાકીય રીપોર્ટ જારી કરવામાં આવ્યો હતો જે મુજબ રાજયમાં ૫૯.૫૧% ટકા મતદાન નોંધાયુ છે. રાજયમાં સૌથી વધુ ૭૨.૨૪ ટકા મતદાન વલસાડની બેઠક પર નોંધાયુ છે જયારે ઓછું સૌરાષ્ટ્રની અમરેલી બેઠકમાં થયું છે. જયાં આંકડો ૨૦ ટકાને પણ આંબી શકયો નથી.

ઓછા મતદાન પાછળ અનેકવિધ કારણોને જવાબદાર ગણાવામાં આવી રહ્યા છે તેમાંથી સૌથી મોટુ કારણ પ્રચંડ ગરમી અને હિટવેવનું હોવાનું માની શકાય છે. રાજયના મોટા ભાગના વિસ્તારોમાં મંગળવારે મતદાનના દિવસે સૂર્યકોપ વરસ્યો હતો. રાજકોટ, અમદાવાદ સહિત મોટા ભાગના શહેરોમાં તાપમાન ૪૧ થી ૪૩ ડિગ્રીની રેન્જમાં રહ્યું હતું.

અમદાવાદમાં તો પારો ૪૩ ડિગ્રીને પણ વટાવી ગયો હતો. આકરી ગરમીએ મતદાન પર મોટી અસર કરી હોવાનું માનવામાં આવી રહ્યું છે. રસપ્રદ વાત એ છે કે રાજકીય પક્ષો અને ચૂંટણી પંચના ભરચક પ્રયાસોના પગલે સવારથી જ મતદારો મતદાન માટે પહોંચી ગયા હતા. સવારે ૭ થી બપોરે ૧ વાગ્યા સુધીમાં ૩૭ ટકા જેવું મતદાન થઇ ગયું હતું પરંતુ ત્યારપછીની કલાકોમાં ૨૧ ટકા જ નોંધાયું હતું.

આ સિવાય ક્ષત્રિય આંદોલન જેવા અન્ય કારણો પણ ઓછા મતદાન માટે જવાબદાર રહ્યા હોવાનું માનવામાં આવી રહ્યું છે. રાજયના મુખ્ય ચૂંટણી અધિકારી પી.ભારતીએ જણાવ્યું હતું કે અંતિમ

# શાબાશ રાજકોટ પોલીસઃ ડીજીપીએ અભિનંદન પાઠવ્યા




- મતદાન વખતે રાજકોટ રાજ્યની હોટ સીટ રહી, ડીજીપી વિકાસ સહાય સતત સીપી ભાર્ગવના સંપર્કમાં રહ્યા : પળેપળની માહિતી મેળવી'તી
- પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવ, એડી.સીપી વિધિ ચૌધરી અને ટીમે આંદોલનના દાવાનળ વચ્ચે સુચારૂ આયોજન કરી શહેરમાં કાયદો અને વ્યવસ્થા જાળવી રાખીઃ લોકોએ લોકશાહીના પર્વની સુરક્ષિત ઉજવણી કરી

રાજકોટ, તા.૮ઃ રાજકોટ સહીત રાજયભરમાં લોકસભા ચૂંટણીનું ગઈકાલે શાંતિપૂર્ણ મતદાન યોજાઈ ગયું હતું. જેમાં રાજયભરમાં એકાદ અપવાદને બાદ કરી કાયદો અને વ્યવસ્થા જાળવવામાં પોલીસ એક તબક્કે સફળ નીવડી છે. ત્યારે રાજયની હોટ અને સંદનસીલ કહેવાતી રાજકોટ લોકસભામાં મતદાન નિર્વિઘ્ને પૂર્ણ થતાં ડિજીપી વિકાસ સહાયએ શહેર પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગને શાબાશી સાથે અભિનંદન પાઠવ્યા હતાં.

દેશભરમાં લોકસભા ચૂંટણીની જાહેરાત બાદ આદર્શ આચારસંહિતા લાગું પડી હતી અને અલગ અલગ પક્ષોના ઉમેદવારો જોરશોરથી પ્રચાર-પ્રસારમાં લાગી ગયાં હતાં. દરમિયાન રાજકોટ લોકસભા સીટના ભાજપના ઉમેદવારે ચૂંટણી પ્રચાર દરમિયાન એક વિવાદિત ટીપ્પણી કરતાં ક્ષત્રિય સમાજ નારાજ થયો હતો અને આંદોલનના મંડાણ થયાં હતાં. આ સ્થિતિ ચૂંટણી અને મતદાન દરમિયાન વણસે નહીં તેની જવાબદારી રાજકોટ શહેર પોલીસની હતી. તેમજ શહેરની નજીક રતનપરમાં ક્ષત્રિય સમાજનું મહાસંમેલન મળ્યાં બાદ આગળ જતાં સ્થિતિ ગંભીર બનશે તેવી દહેશતથી ગૃહ વિભાગ પણ સક્રિય થઈ ગયો હતો.

ખાસ રાજય પોલીસ વડા વિકાસ સહાય આ બાબતે ગંભીર બની જે દિવસથી આંદોલનના મંડાણ થયાં ત્યારથી સતત દરરોજ પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવના સંપર્કમાં હતાં અને શહેરની ગ્રાઉન્ડ ઝીરોની માહિતી સાથે અપડેટ થતાં હતાં. ગૃહવિભાગ અને ડીજીપી માટે રાજયમાંથી કપરા ચઢાણ વાળી સીટ રાજકોટ લોકસભાની હતી. જે બાબતે શહેર પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવ, એડી. પોલીસ કમિશ્નર વિધી ચૌધરી સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓએ રાજકોટ લોકસભા સીટની ચૂંટણી મતદાન સહિત શાંતિથી કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે બીડું ઝડપી લીધું હતું અને શહેરના તમામ પોલીસ મથકોના પીઆઈ સહિતના સ્ટાફ સાથે સંકલન કરી ચૂંટણી દરમિયાન કાંકરીચાળો પણ ન થાય તે માટે સુચારૂ આયોજન કર્યું હતું.

દરમિયાન શહેરમાં ગઈકાલે યોજાયેલ મતદાનના દિવસે શાંતીપૂર્ણ કોઈ કાંકરીચાળો થયાં વગર લોકશાહીનો પર્વ યોજાઈ અને મતદાનમાં કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવના માર્ગદર્શન હેઠળ શહેર પોલીસ સજ્જ થઈ હતી અને મતદાનના આગલા દિવસથી જ પોલીસે શહેરભરમાં કોમ્બીંગ કર્યું હતું. તેમજ મતદાનના દિવસે ચુસ્ત બંદોબસ્ત ગોઠવી ખુદ પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવ મેદાનમાં રહ્યા હતાં અને જ્યાં ક્ષત્રિય સમાજનું સંમેલન મળ્યું હતું ત્યાં મતદાન મથક પર પોતે જ વોચ રાખી હતી અને શાંતિપૂર્ણ મતદાન પુરું થતાં શહેર પોલીસની ટીમે રાહતનો શ્વાસ લીધો હતો. રાજકોટ લોકસભા સીટ બાબતે ડિજીપી પોતે ગંભીર હતાં. ત્યાં કોઈપણ વિઘ્ન અને કાંકરીચાળો થયાં વગર મતદાન પુરૂ થતાં મોડી રાતે પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવને ફોન કરી શાબાશી સાથે શહેર પોલીસની ટીમને અભિનંદન પાઠવ્યા હતાં.

## સીપી, એડી.સીપી, ડીસીપી, એસીપી અને અલગ અલગ પોલીસ મથકના પીઆઈ તેમજ પોલીસ સ્ટાફની જહેમત રંગ લાવી



રાજકોટમાં લોકશાહીનો પર્વ શાંતિથી ઉજવાઈ તે માટે પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ અને એડી. પોલીસ કમિશ્નર વિધિ ચૌધરી, ડીસીપી ઝોન -૧ સજ્જનસિંહ પરમાર, ડીસીપી ઝોન -૨ સુધીરકુમાર દેસાઈ, ડીસીપી ક્રાઈમ ડો.પાર્થરાજસિંહ ગોહિલ, ડીસીપી ટ્રાફિક પૂજા યાદવના માર્ગદર્શન હેઠળ એસીપી બી.વી. જાધવ, રાધિકા ભારાઈ, આર.એસ.બારીયા, બી.જે. ચૌધરી, એસીપી ક્રાઈમ બી.બી. બસીયા, એસીપી ટ્રાફિક જે.બી. ગઢવી, હેડ કવાર્ટર એસીપી એમ.આઈ. પઠાણ, ક્રાઈમ બ્રાંચ પીઆઈ એમ.આર. ગોંડલીયા, એસઓજી પીઆઈ જે.એમ. કૈલા, તેમજ અલગ અલગ પોલીસ મથકના પીઆઈ વી.આર.પટેલ, આર.જી.બારોટ, એસ.એમ.જાડેજા, એન.જી.વાઘેલા, એમ.એમ.સરવૈયા, જે.આર.દેસાઈ, બી.એમ.ઝણકાટ, બી.ટી.અકબરી, ડી.એમ.હરિપરા, વી.આર.રાઠોડ, આઈ.એન.સાવલીયા, એન.આઈ. રાઠોડ, એ.બી. જાડેજા, જે.એસ. ગામીત, એસ.કે.જાડેજા, બી.બી. જાડેજા, બી.પી. રજયા, એમ.જી. વસાવા, એમ.એ.ઝણકાટ, કે.જે.મકવાણા, એમ.ડી.ગઢવી તેમજ એલસીબી ઝોન-૧ પીએસઆઈ બોરીસાગર, એલસીબી ઝોન -૨ પીએસઆઈ આર.એચ. ઝાલા સહિત પીએસઆઈઓની ફૌજ અને સ્ટાફે કુનેહપૂર્વકની કામગીરી કરી હતી.

નો ફેવર, નો ફિઅર...
સામના મિરર
Dt.9/5/2024 | THURSDAY


# રાજકોટ લોકસભા બેઠકની છેલ્લી ત્રણ ચૂંટણીમાં સૌથી ઓછુ મતદાન

■ **વર્ષ ૨૦૧૪માં ૬૩.૮૯ ટકા, ૨૦૧૯માં ૬૩.૧૫ ટકા થયેલા મતદાન બાદ ૨૦૨૪માં ૫૯.૬૦ ટકા મતદાન થતાં ગાબડુ**



રાજકોટ, તા.૮ઃ રાજકોટ લોકસભા બેઠકની છેલ્લી ત્રણ ચૂંટણીઓમાં આ વખતે સૌથી ઓછુ મતદાન થવા પામ્યું છે. જો કે તેની પાછળ કાળઝાળ ગરમી, મતદારોની નિરસતા, ક્ષત્રિય આંદોલન સહિતના અનેક ફેક્ટર ભાગ ભજવી ગયા છે.

રાજકોટ લોકસભા બેઠકની વર્ષ ૨૦૧૪ની ચૂંટણીમાં ૬૩.૮૯ ટકા, ૨૦૧૯ની ચૂંટણીમાં ૬૩.૧૫ ટકા અને આ વખતે એટલે કે વર્ષ ૨૦૨૪ની ચૂંટણીમાં મતદાનની ટકાવારી ઘટીને ૫૯.૬૦ ટકા થવા પામી છે.

વર્ષ ૨૦૧૪ની રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણીમાં ભાજપના મોહનભાઇ કુંડારીયા અને તેની સામે કોંગ્રેસ તરફથી કુંવરજીભાઇ બાવળીયા મેદાનમાં ઉતર્યા હતાં. જ્યારે ૨૦૧૯ની ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર મોહન કુંડારીયા સામે કોંગ્રેસના લલિત કગથરા વચ્ચે કસોકસનો જંગ ખેલાયો હતો. જ્યારે આ વખતની ચૂંટણીમાં ભાજપના પરસોતમ રૂપાલા સામે કોંગ્રેસના પરેશ ધાનાણી મેદાનમાં ઉતરતાં અમરેલીના આ બંને ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ ખેલાયો હતો.

જો કે આ વખતે ક્ષત્રિય આંદોલનનું ફેક્ટર મહત્વનો ભાગ ભજવી ગયો હોય હવે ચૂંટણીના પરિણામો તરફ સૌની મીટ મંડાયેલી છે. વર્ષ ૨૦૧૪ રાજકોટની બેઠકની ચૂંટણીમાં ૬૩.૫૯ ટકા મતદાન થવા પામેલ હતું જેમાં ટંકારામાં ૬૫.૪૮, વાંકાનેરમાં ૬૪.૧૫, રાજકોટ ઇસ્ટમાં ૬૪.૩૦, રાજકોટ વેસ્ટમાં ૬૪.૫૪, રાજકોટ સાઉથમાં ૬૪.૫૨, રાજકોટ રૂરલમાં ૫૯.૬૮ અને જસદણ વિધાનસભા વિસ્તારમાં ૬૨.૬૩ ટકા મતદાન થવા પામેલ હતું.

ત્યારે ૨૦૧૯ની ચૂંટણીમાં ૬૩.૧૫ મતદાન થવા પામેલ હતું. જેમાં ટંકારામાં ૬૭.૬૪, વાંકાનેરમાં ૬૬.૦૯, રાજકોટ ઈસ્ટમાં ૬૩.૭૪, રાજકોટ વેસ્ટમાં ૬૪.૭૦, રાજકોટ સાઉથમાં ૬૩.૭૩, રાજકોટ રૂરલમાં ૬૧.૪૭ અને જસદણમાં ૫૪.૩૫ ટકા મતદાન થવા પામેલ હતું. જ્યારે આ વખતે ૫૯.૬૦ ટકા મતદાન થતાં છેલ્લા ત્રણ વર્ષની ચૂંટણીના મતદાનની ટકાવારીની સાપેક્ષમાં ખાસ્સું ગાબડું પડી જવા પામેલ છે.

અહીં ઉલ્લેખનીય છે કે રાજકોટ લોકસભા બેઠકની આ વખતે તૈયાર થયેલી મતદાર યાદીમાં અનેકક્ષતિઓ થવાની ફરિયાદો પણ ઉઠવા પામેલ છે. જેમાં દિવગંત મતદારો અને રાજકોટ લોકસભા બેઠક વિસ્તારમાંથી અન્ય સ્થળો પર સ્થળાંતર કરી ગયેલા મતદારોના નામો કમી કરાયા ન હોવાનું ખુલ્યું છે.

---

# સાંઢીયા પુલ તોડવા રેલ્વેમાં અરજી કરતું કોર્પોરેશનઃ આવતા મહિનેથી બ્રિજ તોડવાનું શરૂ થવાના નિર્દેશ

■ **૬૩ કરોડના ખર્ચે નવા બનનારા ફોરલેન બ્રિજ માટે હજુ ચાલતો પત્ર વ્યવહાર ઃ ડાયવર્ઝનનું કામ પણ ચાલુ**



રાજકોટ, તા. ૮ઃ જામનગર રોડ પરથી પ્રવેશદ્વાર જેવા સાંઢીયા પુલને તોડવા માટેની કામગીરીના હજુ કોઇ ઠેકાણા નથી ત્યારે હવે થોડા દિવસો બાદ પુલ તોડવાનું કામ શરૂ થઇ શકે છે. આ પુલ તોડવા હવે અરજી કરીને રેલ્વે તંત્રની મંજુરી માંગવામાં આવી છે.

મ્યુનિ. કોર્પોરેશનના સુત્રોમાંથી મળતી વિગત મુજબ સાંઢીયા પુલ તોડીને નવો બનાવવા માટેનું ખાતમુહૂર્ત લોકસભાની ચૂંટણી જાહેર થતા પૂર્વે મુખ્યમંત્રીના હસ્તે કરવામાં આવ્યું હતું. ચૂંટણીના દિવસોમાં જ આ પુલ તોડવાનું કામ શરૂ થશે તેવું લાગતું હતું પરંતુ પુલ તોડવા માટે મનપાએ અરજી જ નહીં કર્યાની વિગતો ધ્યાન પર આવી હતી. આ બાદ તાજેતરમાં રાજકોટ રેલ્વે ડિવીઝનમાં ડિમોલીશનના ડ્રોઇંગ સાથેની વિસ્તૃત અરજી કરવામાં આવી છે. આ છ દાયકા જુનો બ્રીજ કઇ રીતે તોડવામાં આવશે અને કેટલો સમય કામ ચાલશે તેની વિગતો આ સાથે જોડવામાં આવી છે.

છેલ્લી અરજી પરથી ચાલુ મહિનાના અંત સુધીમાં પુલ તોડવાની મંજુરી મળી જાય તેવી આશા છે. આમ પણ આ પુલના બદલામાં શરૂ થનારા રસ્તે ડાયવર્ઝનનું કામ હજુ ચાલી રહ્યું છે. આ કામ પણ થોડા દિવસોમાં પુરૂ થશે તેવું ઇજનેરો કહે છે. આ અરજી મંજુર થતા કામ શરૂ થઇ જશે. ૬૬૩ કરોડના ખર્ચે આ જગ્યાએ નવો ફોરલેન ફલાયઓવર બનવાનો છે. જોકે સંપૂર્ણ પ્રોજેક્ટ પુરો થવામાં ઓછામાં ઓછો બે વર્ષ જેટલો સમય થશે. આથી આ પુલના કામમાં ઓછામાં ઓછા બે ચોમાસા નીકળી જશે તે નકકી છે.

સામના મિરર (દૈનિક) તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક ઃ રાજેશ ઉદયકુમાર બગડાઈ
મુદ્રણ અને પ્રકાશન સ્થાન ઃ સામના મિરર પ્રિન્ટર્સ, જય ભવાની, ચુનારાવાડ શેરી નં.૫, શાક માર્કેટ પાસે, રાજકોટ ૩૬૦૦૦૭

# એડવાન્સ વેરાની આવક ૧૦૩ કરોડને વટાવી ગઇ : ૬૯ કરોડ ઓનલાઇન જમા : પ્રમાણિકોને ૧૧ કરોડનું વળતર

■ **ગત વર્ષ કરતા કરદાતાની સંખ્યામાં ૯ હજારનો વધારો : વેબસાઇટ પર પણ વેરાની આવક ૧૦ કરોડ વધી**

રાજકોટ, તા. ૮: રાજકોટ મ્યુનિ. કોર્પોરેશનની એડવાન્સ વેરા વળતર યોજનાનો પ્રમાણિક મતદારો રીબેટ મેળવવા સાથે ઉત્સાહથી લાભ લઇ રહ્યા છે ત્યારે ગત વર્ષની સરખામણીએ આ વર્ષે ટેક્સની આવક ૧૪ કરોડ જેટલી આગળ ચાલી રહી છે. ઓનલાઇન વેરાની આવકમાં પણ ૧૦ કરોડ જેટલો વધારો નોંધાયો છે.

ટેક્સ બ્રાંચના સુત્રોએ આપેલી વિગતો મુજબ ગત તા. ૧-૪-૨૩થી તા.૭-૫-૨૩ના દિવસોમાં મનપાને ટેક્સની ૮૯.૯૦ કરોડ જેવી આવક થઇ હતી. આ સમયગાળા દરમ્યાન ૧૫૫૬૧૦ મતદારોએ એડવાન્સ વેરો ભર્યો હતો અને ૯.૩૬ કરોડનું વળતર મેળવ્યું હતું. આ વર્ષમાં આ સમયગાળા દરમ્યાન ૯.૩ કરોડની રકમ ચેકથી જમા થઇ હતી અને ૨૨.૫૧ કરોડ રોકડથી જમા થયા હતા. તો ૫૮.૦૮ કરોડની આવક વેબસાઇટ પરથી થઇ હતી. ચાલુ ૨૦૨૪ વર્ષના આ પ્રથમ સવા મહિનાની વાત કરીએ તો આજ સુધીમાં ૧૬૪૪૪૯ કરદાતાએ ૧૦૩.૩૭ કરોડનો વેરો ભરીને ૧૧.૨૧ કરોડનું ડિસ્કાઉન્ટ મેળવ્યું છે. તેમાં ૬૮.૭૬ કરોડ જેટલી આવક તો ઓનલાઇન આવી છે. એટલે કે આટલી રકમ ભરનારા કરદાતાએ સિવિક સેન્ટર કે વોર્ડ ઓફિસની પણ મુલાકાત લેવી પડી નથી. ઓનલાઇન વેરો ભરનારા કરદાતાની સંખ્યા દર વર્ષે વધતી જાય છે. આ વર્ષમાં ચેકથી ૧૨.૮૨ કરોડની આવક થઇ છે અને ૨૧.૭૭ કરોડની રકમ રોકડથી જમા થઇ છે. ગત વર્ષ કરતા આ વર્ષે ૯ હજાર કરદાતા વધ્યા છે અને આવકમાં ૧૪ કરોડનો વધારો થયો છે. હજુ ચાલુ મે મહિનાના અંત સુધીમાં પુરૂષ મિલ્કત ધારકને ૧૦ ટકા અને મહિલા મિલ્કતધારકને ૧૫ ટકા વળતર ચાલુ રહેશે .

# બોયફ્રેન્ડ સાથેના શરીર સંબંધથી રહેલા ગર્ભને પાડવા યુવતીએ દવા પીધી, તબિયત લથડતા ઝનાનામાં દાખલ

■ **૨૦ વર્ષીય યુવતીને રાત્રે દોઢ વાગ્યે અચાનક દુઃખાવો ઉપડતા ઝનાના હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી**

રાજકોટ, તા.૮: રાજકોટમાં રહેતી એક ૨૦ વર્ષની યુવતીને બોય ફ્રેન્ડ સાથેના શરીર સંબંધથી ગર્ભ રહી ગયો હતો. પરિવારને જાણ થઇ જશે. તેવા દરથી આ ગર્ભ પાડવા યુવતીએ બજારમાંથી લીધેલી દવા પીધી હતી. જેથી અચાનક તબિયત લથડતા ઝનાના હોસ્પિટલમાં દાખલ કરાઈ હતી. સૂત્રોએ જણાવ્યું કે, તબિયત બગડી એટલે પરિવારને સત્ય હકીકત જાણ થઈ હતી. પણ ફરિયાદ ન નોંધવા પોલીસને નિવેદન આપ્યું છે. આ ૨૦ વર્ષીય યુવતીને રાત્રે દોઢ વાગ્યે અચાનક દુઃખાવો ઉપડતા ઝનાના હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.

બનાવની વિગત મુજબ, શહેરના ગાંધીગ્રામ વિસ્તારમાં આવેલી એક સોસાયટીમાં રહેતી ૨૦ વર્ષીય યુવતીને ગત રાત્રે દોઢેક વાગ્યે રાજકોટ સિવિલ હોસ્પિટલની ઝનાના હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. આ યુવતીને સતત માસિક સ્રાવની જેમ ગુપ્ત ભાગમાંથી લોહી વહી રહ્યું હતું. સાથે આવેલા પરિવારે જણાવ્યું કે, તેને ખૂબ દુઃખાવો ઉપડ્યો છે. ઝનાના હોસ્પિટલના તબીબોને કેસ શંકાસ્પદ લાગતા પોલીસને જાણ કરી હતી. પોલીસે દોડી આવી જાણકારી મેળવતા ખ્યાલ આવ્યો હતો કે, ૨૦ વર્ષીય યુવતીએ તેના બોય ફ્રેન્ડ સાથે ત્રણેક માસ પહેલા શરીર સંબંધ બાંધ્યો હતો.

જે પછી અઢી માસનો ગર્ભ થયા બાદ યુવતીને જાણ થઇ હતી. તેણે પોતાના બોય ફ્રેન્ડને વાત કરી હતી. પરિવારમાં જાણ થશે તો બંને માટે અઘરું થઇ જશે. એવા ડર બાદ બજારમાંથી ગર્ભ પાડવાની દવા લીધી હતી. યુવતીએ આ દવા પીધી હતી. જે પછી અચાનક ગત રાત્રે દુઃખાવો ઉપડતા પરિવારે હોસ્પિટલમાં દાખલ કરી હતી. પરિવારને પણ અંતે જાણ થઇ હતી. જોકે, આ બાબતે યુવતી અને તેના પરિવારે કોઇ પણ પ્રકારની પોલીસ ફરિયાદ કરવાની ના પાડી દેતા પોલીસે માત્ર તેમના નિવેદન લીધા હતા.

# મિલ્કતોના જીઓ ટેગીંગની કામગીરીમાં ગોટાળા : રી-સર્વેના આદેશો

■ **એજન્સીએ સુપ્રત કરેલા લીસ્ટમાંથી ૫૯ હજારથી વધુ પ્રોપર્ટી રીજેક્ટ : ૧.૯૭ લાખ ડેટા માન્ય : હજુ ૧.૮૩ લાખનું કામ બાકી : મનપા જાતે વેરીફીકેશન કરશે**

રાજકોટ, તા. ૮: રાજકોટ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા પુરા શહેરની મિલ્કતોના જીઓ ટેગીંગ કરવાની કામગીરી એજન્સી મારફત ચાલી રહી છે. ભુતકાળની જેમ આ મિલ્કતોની વિગતો ગુગલ મેપ સાથે ઓનલાઇન પર લેવા માટેની કામગીરીમાં ક્ષતિ હોવાની ફરિયાદો ચાલુ રહી છે. તાજેતરમાં રીજેક્ટ થયેલી મિલ્કતોનું લીસ્ટ કમિશ્નર પાસે મુકવામાં આવતા તેમને આવી મિલ્કતોના ફરી સર્વે માટે આદેશ આપ્યા છે.

મનપાએ ખાનગી એજન્સીને સાડા ચાર લાખ જેટલી પ્રોપર્ટીની યાદી આપી છે તેમાંથી બે લાખ જેટલી મિલ્કતોનું કામ ઓકે થયું છે. તો ૬૦ હજાર જેટલી મિલ્કતમાં ફરી કામ કરવા જણાવાયું છે.

મનપાની ટેક્સ બ્રાંચમાંથી મળતી વિગતો મુજબ કોર્પોરેશનના આઇટી વિભાગ હેઠળ રાજકોટની તમામ મિલ્કતોના જીઓ ટેગીંગનું કામ કરાઇ રહ્યું છે. આ મિલ્કતોની ભૌગોલિક સ્થિતિ, બાકી કરવેરાઓ, પાઇપલાઇન સહિતની જુદી જુદી સુવિધાઓ સાથેના મેપ બનાવવામાં આવી રહ્યા છે. આ ડેટા તૈયાર થાય એટલે માત્ર એક કલીક પર રાજકોટની કોઇ પણ મિલ્કતની હિસ્ટ્રી મનપા પાસે રહેશે.

મ્યુનિ. કોર્પોરેશને રાજકોટના જુદા જુદા ૧૮ વોર્ડની ૪૪૦૪૯૨ મિલ્કતોનું લીસ્ટ ખાનગી સર્વે એજન્સીને આપ્યું હતું. આ પૈકી થયેલી કામગીરીમાંથી ૧૯૭૬૨૨ મિલ્કતોની જીઓ ટેગીંગની કામગીરી માન્ય રાખવામાં આવી છે તો ૫૯૫૧૭ પ્રોપર્ટીના ડેટા રીજેક્ટ કરવામાં આવ્યા છે. વોર્ડ નં.૮માં સૌથી વધુ ૧૬૩૬૬ મિલ્કતનો ડેટા અમાન્ય કર્યો છે. અમીન માર્ગ, કાલાવડ રોડ સહિતના પોશ એરીયા આ વોર્ડ નં.૮માં આવે છે તે ઉલ્લેખનીય છે.

આમ જુદા જુદા ૧૮ વોર્ડમાં કુલ ૫૯ હજાર જેટલી મિલ્કતોનો રીપોર્ટ રીજેક્ટ થતા તેના ફરીથી ટેગીંગની કામગીરી કરવા સુચના આપવામાં આવી છે. હજુ ૧૮૩૮૦૩ મિલ્કતોની કામગીરી તો સંપૂર્ણપણે બાકી જ છે. ભુતકાળમાં કાર્પેટ એરીયા મુજબ કરવામાં આવેલી પ્રોપર્ટી સર્વેની મોટી કામગીરીમાં પણ અનેક ક્ષતિઓ સામે આવી હતી. તે વખતે પણ ફરી સર્વે થયા હતા. એજન્સીના કામ ઉપર મનપા જાતે ક્રોસ કામગીરી કરતી હતી. હવે જીઓ ટેગીંગનો ડેટા ગુગલ મેપ સાથે જોડવાનો હોય, આ કામગીરી પણ મનપા ચોકસાઇથી કરે અને ક્રોસ કામગીરી પણ કરે તેવી વ્યવસ્થાઓ કરવામાં આવી છે.

નો ફેવર, નો ફિઅર...
સામના મિરર
Dt.9/5/2024 | THURSDAY


# જૂના ટીનમાં તેલ ભરવા પર પ્રતિબંધની કડક અમલવારી શા માટે ?

- **ફૂડ સેફટી વિભાગના પરિપત્ર સામે રાજ્ય ખાદ્યતેલ અને તેલિબિયા સંગઠનની નારાજગીઃ નવા ટીનમાં તેલ ભરવાનો કાયદો બિનજરૂરી**
- **સીઝનમાં ખાલી નવા ડબાની ઉપલબ્ધી શકય નથીઃ જુના ડબામાં અંદર કોઈ દિવસ કાટ લાગતો નથીઃ કાયદાનો કડક અમલ ટાળવા રજૂઆત**

રાજકોટ, તા.૮ઃ રાજયના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા જૂના ડબ્બામાં ખાદ્યતેલ ભરવાનું અટકાવવા માટે પરિપત્ર બહાર પાડી કાયદેસરની કાર્યવાહી કરવાની ઓફિસરોને સુચના આપતા આ બાબતે રાજય ખાદ્યતેલ અને તેલિબિયા સંગઠનના સમીર શાહે ફુડ સેફટી વિભાગના કમિશ્નરને પત્ર પાઠવી આ પરિપત્રના કડક અમલ પૂર્વે એસો.સાથે બેસી સર્વમાન્ય નીતિ ઘડી તબક્કાવાર અમલ કરવા અને હાલના તબકકે આ કડક કાર્યવાહી અટકાવવા માંગણી કરી છે.



ગુજરાત રાજય ખાદ્યતેલ અને તેલિબિયા સંગઠનના પ્રમુખ સમીર શાહે ફુડ સેફટી વિભાગના કમિશ્નરને પાઠવેલ પત્રમાં જણાવ્યા મુજબ ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા જુના ડબામાં ખાદ્યતેલ ભરાતુ અટકાવવા ઓફિસરોને સુચના આપી કડક કાર્યવાહીની સુચના આપી છે. ત્યારે ખાદ્યતેલ નવા ડબાઓમાં જ પેક કરવું જોઈએ તેવો કાયદો બિનજરૂરી છે.

નાના એકમો રિસાઈકલ્ડ ટીનમાં ખાદ્યતેલ ચોકસાઈ રાખીને પેક કરે છે. કયારેક ખાલી ડબા પર કાટ દેખાય તો તે માત્ર બહારની આઈડ જ હોઈ અંદરના ભાગમાં એકવાર તેલનો સંપર્ક થયો હોવાથી કાટ લાગવાની શકયતા નહીવત છે. ફરસાણ બનાવનાર હોટલો રેસ્ટોરન્ટ વિ.માં.જુના ડબા તુરત જ ખાલી થતા હોવાથી તેલની ગુણવતા સમયગાળે ઘટવાની શકયતા નથી માટે તાત્કાલીક અસરથી રિસાઈકુલ્ડ ટીનનો ઉપયોગ બંધ કરવો બિનજરૂરી છે.૧૨ માસ શીંગતેલ ભરવાની મોસમ સમયે ખાલી નવા ડબા યુનિટો ઓર્ડર મુજબ પુરા પાડવામાં સક્ષમ નથી આવા એકમો વધુ ઉત્પાદત લેવાની લ્હાયમાં ફીટીંગની જરૂરી ચોકસાઈ રાખતા નથી માટે આવા જડ નિયમો કડક અમલ શકય નથી ડબાની બિનઉપલબ્ધીને કારણે ખાદ્યતેલનું વેંચાન ખોરવાઈ જવાની શકયતા છે. જુના ડબામાં મળતુ તેલ નવા ડબાની કિંમત કરતા રૂ.૫૦ થી ૭૦ સસ્તુ મળે છે.

ઘર વપરાશમાં ખાલી થતા ડબાના રૂ.૨૫ થી ૩૦ મળે છે જો રિસાઈકલ્ડ ટીનનો વપરાશ અટકી જાય તો આ ખાલી ડબાનો વપરાશકારોને કોઈ ભાવ જ આવે આમ વપરાશકારોને બેવડો માર પડે આ કાયદાનો કડક અમલ કરાવતા પહેલા એસો સાથે બેસી ઉદ્યોગ વિભાગના અધિકારીઓને સાથે રાખી સર્વમાન્ય નીતિ ઘડી તબકકાવાર અમલ કરવા અને હાલના તબકકે આ કાયદાનું પાલન થતું અટકાવવા અંતમાં સંગઠત પ્રમુખ સમીર શાહે માંગણી ઉઠાવી છે.

# ચારધામ જવા યાત્રીકોનો ધસારો; મે-જૂનમાં હરિદ્વારની સાપ્તાહિક ટ્રેનો ફૂલ

રાજકોટ, તા.૮ઃ ઉનાળુ વેકેશન પડતાની સાથે યાત્રીકોનો મોટા પ્રવાહ આ વર્ષે હરીદ્વાર ચાર ધામની યાત્રાએ જવા ઉત્સુક બનતા મે-જુન માસમાં હરીદ્વાર જતી સાપ્તાહિક એકસપ્રેસ ટ્રેનમાં કન્ફર્મ ટીકીટ મળવી મુશ્કેલ છે બે માસ પૂર્વે જ તમામ શ્રેણીની ટીકીટો બુક થઈ જતા રાજકોટ-હરીદ્વાર ઉતરાંચલ એકસપ્રેસ ટ્રેનમાં ટીકીટ મેળવવા હવે તત્કાલ બુકિંગ સિવાય કોઈ વિકલ્પ નથી. રાજકોટથી હરીદ્વાર દહેરાદુન જવા માટે દર સપ્તાહે ઓખા દહેરાદુન ઉતરાંચલ એકસપ્રેસ દોડી રહી છે. આ ટ્રેનમાં મે, જૂન માસમાં તમામ શ્રેણીની ટીકીટો બુક થતા ટ્રેનોમાં મોટું વેઈટીંગ જોવા મળી રહ્યું છે. સ્લીપર અને એસી શ્રેણીમાં મોટું વેઈટીંગ છે.



**દર સપ્તાહે દોડતી ઓખા-દહેરાદુન વાયા રાજકોટ ટ્રેનોમાં મોટું વેઈટીંગઃ સ્લીપર, એસી વર્ગની કન્ફર્મ ટિકિટ મળવી મુશ્કેલઃ તત્કાલ બુકિંગ સિવાય કોઈ વિકલ્પ નહીંઃ ઉતરાંચલ એકસપ્રેસ ટ્રેનોમાં વધારે કોચ જોડવા મુસાફરોની માંગ**

ઉનાળુ વેકેશનમાં આ વર્ષે રાજકોટ સહિતના સૌરાષ્ટ્રવાસી યાત્રીકોએ હરીદ્વાર અને ચાર ધામ જવા ઉત્સુક બન્યા છે. ગત એપ્રિલ માસથી રાજકોટ-હરીદ્વારની સાપ્તાહિક ટ્રેનો ફુલ થઈ હતી. મે અને જૂન એમ બે માસ સુધી આ સાપ્તાહિક ટ્રેનમાં સ્લીપર એસટી શ્રેણીમાં કન્ફર્મ ટીકીટ ઉપલબ્ધ નથી. ૫૦થી ૧૦૦ને પાર વેઈટીંગ રહ્યીં છે.

હાલના દિવસોમાં હરીદ્વાર જતા યાત્રીકોને તત્કાલ ટીકીટ પર આધાર રાખવો પડે છે. રાજકોટ ઉપરાંત અમદાવાદથી ડેઈલી ઉપડતી હરીદ્વારની ટ્રેનમાં પણ ૧૦૦ને પાર વેઈટીંગ જોવા મળી રહ્યું છે. આ વર્ષે યાત્રીકોનો મોટો પ્રવાહ હરીદ્વાર તરફ જવા રવાના થઈ રહ્યો છે.

રાજકોટથી હરીદ્વાર જવા માટે સપ્તાહમાં એક જ ટ્રેન હોવાથી તે ફુલ દોડી રહી છે હરીદ્વાર જવા સ્પે. ટ્રેનો દોડાવવા મુસાફર વર્ગની માંગણી ઉઠી છે. સાપ્તાહિક ટ્રેનમાં પણ વધારે કોચ જોડવા માંગણી ઉઠી છે.

## શાપર નજીક પારડી ગામે વૃધ્ધા કુવામાં પડી જતા મોત નીપજ્યું

રાજકોટના શાપર નજીક પારડી ગામ વાડી વિસ્તારના એક કૂવામાં એક વૃદ્ધા પડી ગયા હોવાની જાણ થતાં રાજકોટ મહાનગર પાલિકા સંચાલિત મવડી ફાયર સ્ટેશનેથી સ્ટેશન ઓફિસર સહિતનો સ્ટાફ દોડી ગયો હતો. કૂવામાંથી વૃદ્ધાને બેભાન હાલતમાં બહાર કાઢતા હાજર ૧૦૮ એમ્બ્યુલન્સના ઇએમટીએ જયાબેન ઘરડુંસિયાને મૃત જાહેર કર્યા હતા. આ બનાવ અંગે શાપર પોલીસને જાણ થતાં પોલીસ સ્થળ પર પહોંચ્યા હતા. મૃતક અને તેનો પુત્ર બંને આજે સવારે પોતાની વાડીએ ગયા હતા. પુત્ર વાડીના કામમાં લાગી ગયો હતો. જ્યારે માતા જયાબેન કૂવા પાસે આવેલી લીંબુડીમાંથી લીંબુ તોડતા હતા. લીંબુ તોડતી વખતે અચાનક પગ લપસતા કે અન્ય કોઈ આકસ્મિક રીતે જયાબેન કૂવામાં પડી ગયા હતા.

# નવા સુરજદેવળ ખાતે સાડા ત્રણ દિવસના ઉપવાસ નીમિતે વાજતે ગાજતે અશ્વસ્વારો સાથે સૂર્યદેવની ભવ્ય શોભાયાત્રા નીકળી

(અહેવાલ કનુભાઈ ખાચર તથા વનરાજભાઈ ધાધલ)

સુરેન્દ્રનગર, તા. ૯ઃ કાઠી ક્ષત્રિય સમાજ ના બલિદાન અને શૌર્ય દિવસો ની યાદ માં થતા ઉપાસના નિમિતે સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકાના નવા સુરજદેવળ મંદિર મુકામે ઉપવાસ પર્વની ભવ્યથી ભવ્ય ઉજવણીની સમસ્ત શ્રી કાઠી ક્ષત્રિય સમાજ ના ઈષ્ટદેવ અને આસ્થા શ્રદ્ધાનું કેન્દ્ર અને પવિત્ર પંચાળ ભૂમિનું યાત્રાધામ શ્રી નવા સુરજદેવળ મંદિરમાં બિરાજમાન ભગવાન શ્રી સુર્યનારાયણ દેવના સાડા ત્રણ દિવસના ઉપવાસ પર્વે એટલે કે કાઠી દરબારોનો મોટામાં મોટો ઐતિહાસિક તહેવાર મુજબ. ભગવાન શ્રી સૂર્યનારાયણના આરાધના પર્વ એ ઉપવાસ પર્વે નિમિતે નાવા ગામેથી ભવ્યથી ભવ્ય રથયાત્રાનું





તસ્વીરઃ એલ. ડી. જોગરાણા

પ્રસ્થાન કરેલ જેમાં અશ્વસ્વારો સાથે સૂર્યદેવનો રથ વાજતે ગાજતે નવા સૂરજદેવળ મંદિર મુકામે પહોંચ્યો અને સુર્ય રથનું ઠેર ઠેર સ્વાગત કરવામાં આવ્યું હતું આ સુર્યરથ યાત્રા માં બહોળી સંખ્યા માં કાઠી ક્ષત્રિય સમાજ આગેવાનો અને નવ યુવાનો જોડાયા હતા તેમજ વિશ્વ કલ્યાણ અર્થે હવન કરવામાં આવશે તેમજ તારીખ ૧૦-૦૫-૨૦૨૩ ને શુક્રવાર રોજ સાંજે ગૌશાળા ના લાભાર્થે ભવ્યથી ભવ્ય લોક ડાયરાનું આયોજન કરેલું છે જેમાં નામી અનામી ગુજરાતના સુપ્રસિદ્ધ કલાકારો દેવાયતભાઈ ખવડ, બ્રિજરાજદાન ગઢવી, જીતુદાદ ગઢવી, બિરજુ બારોટ, રણજીતભાઈ વાંક, ઉદયભાઈ ધાધલ વગેરે કલાકારો ડાયરાની જમાવટ બોલાવશે આ ભવ્ય આયોજનમાં શ્રી નવા સુરજદેવળ મંદિર ટ્રસ્ટ અને સુર્ય યુવા ગ્રુપ દ્વારા કરવામાં આવ્યું આ કાર્યક્રમ ને સફળ બનાવવા માટે સૂર્ય યુવા ગ્રુપ દ્વારા ભારે જહેમત ઉઠાવી હતી.

# HAPPY BIRTHDAY

## રઘુવંશી અગ્રણી રઘુવંશી અગ્રણી કિરીટભાઈ કેસરીયાનો આજે ૭૧માં વર્ષમાં મંગલ પ્રવેશ



સૌરાષ્ટ્રના સેવાક્ષેત્રમાં અનેક સંસ્થા સાથે જોડાયેલા શ્રી કિરીટભાઈ કેસરીયાનું નામ એક અદના કાર્યકર તરીકે જાણીતું છે. તન, મન, ધન, વચન, કર્મથી સતત સક્રિય અને યુવાઓને શરમાવે તેવી સ્ફૂર્તિથી સેવારત શ્રી કિરીટભાઈ છેલ્લા ૨૭ વર્ષથી ખાસ કરી લોહાણા જ્ઞાતિનો વિકટ પ્રશ્ન બની ગયેલ દિકરા દિકરીનાં વેવિશાળના મુદ્દે કાર્યરત છે. કિરીટભાઈ કોઈ પણ જાણીતા કે અજાણ્યા લોકોને મુશ્કેલીમાં સહાયરૂપ થવા તત્પર રહે છે. રઘુવંશી સમાજના મૂક સેવક કિરીટભાઈ કેસરીયાને જન્મદિન નિમીતે શુભેચ્છા, આશીર્વાદ આપવા મો. ૭૯૮૪૫ ૦૭૭૭૦.

# કેરીની દુકાનો-લારીઓમાંથી ઝબલા જપ્ત કરવા દરોડા

## બે દિવસમાં સોલીડ વેસ્ટ મેનેજમેન્ટની ટીમે ૧૧૩ આસામી પાસેથી ૬.૫ કિલો પ્લાસ્ટીક જપ્ત કર્યુ

રાજકોટ, તા. ૮ઃ મનપાના ત્રણેય ઝોનમાં સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાની તથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં તા. ૬ અને ૭ના રોજ કુલ ૧૧૩ આસામીઓ પાસેથી ૬.૫૦ કિલો પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૩૦૦૮૪નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

જુદી જુદી દુકાનો ઉપરાંત ખાણીપીણી બજાર, ફ્રુટની લારીઓ, હોકર્સ ઝોનમાં પણ આ અંગેના ચેકીંગ ચાલી રહ્યા છે. ઉનાળામાં ધુમ વેચાતી કેરીના ધંધાર્થીઓને ત્યાં પણ ચેકીંગ ચાલી રહ્યું છે.

સેન્ટ્રલ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૩૬ આસામીઓ પાસેથી ૮૦૦ ગ્રામ પ્લાસ્ટીક જપ્ત કરી ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૬૭૦૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે. વેસ્ટ ઝોનમાં ૪૯ આસામીઓ પાસેથી પાંચ કિલો પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૧૬૫૫૦નો વહીવટી ચાર્જ વસુલાયો હતો. જયારે ઈસ્ટ ઝોનના ૨૮ આસામીઓ પાસેથી ૭૦૦ ગ્રામ પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૬૮૩૪નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

આ કામગીરી મ્યુનિ. કમિશનર આનંદ પટેલની સુચનાથી પર્યાવરણ વિભાગની ટીમ કરી રહી છે.

# રાજુલામાં કાલે પરશુરામ જયંતિ નિમિતે ભવ્ય શોભાયાત્રા

રાજુલા, તા. ૯ઃ રાજુલા શહેરમાં ૧૦ મે ના રોજ સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા જય પરશુરામ યુવા ગ્રુપ રાજુલા દ્વારા પરશુરામ ભગવાનના જન્મોત્સવના શુભ પ્રસંગે બ્રહ્મચોર્યાસી તેમજ ભવ્ય શોભાયાત્રા તથા મહાઆરતીનું આયોજન કરવામાં આવેલ છે. આ શોભાયાત્રા શોભાયાત્રા વેદમાતા ગાયત્રી મંદિર (તિર્થધામ) તળાવ પાસેથી બપોરના ૪ કલાકે સમસ્ત બ્રહમસમાજ દ્વારા પ્રસ્થાન કરવામાં આવશે. અને શોભાયાત્રા રાજુલા શહેરના




મુખ્ય માર્ગો ઉપર પસાર થઈને સમસ્ત બ્રહમ સમાજ કોમ્યુનિટી હોલ (ભરતનગર) ખાતે પહોંચશે. ત્યારબાદ પરશુરામ ભગવાનની મહાઆરતીનું પણ આયોજન કરેલ છે.

આ સમગ્ર કાર્યક્રમમાં બ્રહમ સમાજના પ્રમુખ ભાનુદાદા રાજગોર, મેનેજીંગ ડીરેકટર મનોજભાઈ વ્યાસ, ટ્રસ્ટીશ્રીઓ પ્રવિણભાઈ ત્રિવેદી (એડવોકેટ), કનકભાઈ જાની, દિલીપભાઈ જોષી, તથા જય પરશુરામ યુવા ગ્રુપના કાર્યકરો ભરતભાઈ મહેતા, હરેશભાઈ તેરૈયા, ભરતભાઈ જાની, જીતુભાઈ તેરૈયા, જયેશભાઈ ત્રિવેદી, પ્રફુલભાઈ રાજયગુરૂ, રાકેશભાઈ જોષી, સંજીવભાઈ જોષી, ચીરાગભાઈ જોષી સહીતના પરશુરામ જયંતી નિમિતે શોભાયાત્રાની તડામાર તૈયારીઓ કરી રહ્યા છે અને રાજુલા સમસ્ત બ્રહમ સમાજના આ શોભાયાત્રામાં જોડાવા તથા સમસ્ત બ્રહમ સમાજના કાર્યકરોનો ઉત્સાહ વધારવા માટે આમંત્રણ પાઠવવામા આવ્યું છે.

# જેતપુરના ધોરાજી રોડ પરનું ફાટક સાત દિવસ બંધ રહેશે

**■ જિલ્લા મેજિસ્ટ્રેટએ જાહેરનામું બહાર પાડ્યું**

જેતપુર, તા. ૯ઃ જેતપુરમાં જ્યાંથી દરરોજ હજારો વાહન અવરજવર કરે છે તેવા ધોરાજી રોડ પરનું રેલ્વે ફાટક પાસે નવા બની રહેલી ઓવરબ્રીજ ની કામગીરીને કારણે ૪ દિવસ સુધી બંધ રહેશે. આ રોડ બંધ રહેવાનું દરરોજ અવરજવર કરતા હજારો લોકોમાં રોષ ફાટી નીકળ્યો છે. અને સાતેક કિમી ફરવા કરતા ધોરાજી રોડ પર કોઈ જગ્યાએથી ડાયવર્ઝન આપવા માંગ કરી હતી. જેતપુર શહેરની ૨૫ ટકા જેટલી વસ્તી જ્યાં વસવાટ કરે છે તે વિસ્તારમાં



અવરજવર માટે આ રોડ ઉપર ક્રોસિંગ કરીને જવું પડે છે.

જો કોઈ કારણસર આ ઓવરબ્રિજના કારણે બંધ હોય તો ફાટક પછીના અસંખ્ય સાડીઓના કારખાનાઓ, છથી સાત જેટલી સ્કૂલના વાહનો તેમજ જલારામ નગર ૧-૨-૩, નીલકંઠ સોસાયટી, દાસી જીવણપરા વગેરે દસેક જેટલાં વિસ્તારના લોકોને ધોરાજી રોડ પર આવવા માટે સાત કિમીનો ફેરો થાય તેમ છે. ઓવરબ્રિજની તાત્કાલિક મેન્ટેનન્સની કામગીરી કરવાની હોવાથી આજથી ૮ મે થી ૧૧ સુધી આ રોડ પર વાહન વ્યવહાર માટે બંધ રહેવાની જિલ્લા મેજિસ્ટ્રેટ પ્રભવ જોશી જાહેરાત કરવામાં આવી છે. અને આ માટે રેલ્વે વિભાગ દ્વારા જેતપુર પાલિકા, સિટી પોલીસ સ્ટેશન, જેતપુર એસ.ટી ડેપો તેમજ મામલતદારને જાણ કરવામાં આવી છે.

# જેતપુર નજીક પીઠડીયા ટોલનાકા પાસેથી રૂ.૧.૨૭ લાખનો અંગ્રેજી દારૂ ઝડપાયો

જેતપુર, તા. ૯ઃ રાજકોટ ગ્રામ્ય પોલીસ અધિક્ષક જયપાલસિંહ રાઠોડે સમગ્ર જીલ્લામાંથી દારૂ તથા જુગારની બદીઓને ડામી દેવા સુચના આપી હોય જેને અનુસરીને રૂરલ એલસીબીની ટીમે વીરપુર નજીક ટોલનાકા પાસે દારૂ અને કાર મળી કુલ ૪.૦૨ લાખની મતા ઝડપી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મળતી માહિતી મુજબ રાજકોટ ગ્રામ્ય પોલીસ અધિક્ષકની સુચના અનુસાર રૂરલ એલસીબી પીઆઈ વી.વી.ઓડેદરાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ



ડી.જી.બડવા અને એચ.સી.ગોહીલની જુદી જુદી ટીમ કાર્યરત હોય ત્યારે ટીમના અબ્બાસભાઈ ભારમલને મળેલ બાતમીના આધારે વીરપુર પોલીસ મથક વિસ્તારમાં આવેલ ટોલટેક્ષ પાસેથી અંગ્રેજી દારૂ ભરેલી કાર નીકળવાની હોય જેથી રૂરલ એલસીબીની ટીમના બાલકૃષ્ણ ત્રિવેદી, રાજુ સાંબળા, દિવ્યેશ સુવા, અબ્દુલ શેખ સહીતનાઓ વોચ ગોઠવી તપાસમાં હોય કારને અટકાવી તલાશી લેતા તેમાંથી અંગ્રેજી દારૂની રૂા.૧.૨૭ લાખની ૬૨૯ બોટલો મળી આવતા પોલીસે અંગ્રેજી દારૂ તથા મોબાઈલ અને કાર મળી કુલ રૂા.૪.૦૨ લાખની મતા સાથે મીલન પટોળીયા, સતીષ ક્યાડા, સોનીક પોશિયા અને નરેન્દ્ર ચાંડેગરાની અટકાયત કરી હતી.



લાઈફ ટાઈમ*
ડિમેટ એકાઉન્ટ ફ્રી
AM TRADING
ફ્રી એડવાઈઝરી
EQUITY STOCK
IPO/SME IPO
OPTION TRADING
NIFTY BANK NIFTY
COMODITY
CURRANCY
Design by:- With Me Digital : 9537300305
દરરોજ ફ્રી માહિતી મેળવવા માટે આપેલ QR CODE SCAN કરીને જોઈન કરો.
Mayuri Bagadai
63555 17630
AM trading
am_trading71

નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

Daily Morning Newspaper











## ડિજિટલ ભારતની સાથે
## તમે પણ બનો ડિજિટલ...

**તમારા ધંધા-વેપારની જાહેરાત 'સામના મિરર'માં આપી આપના વ્યવસાયને પહોંચાડો લાખો વાંચકો સુધી...**


મોબાઇલમાં નિયમિત સમાચારો મેળવવા

**વોટ્સએપ પર**

**Hi લખીને મોકલો**

**98983 17826**

**અને જોડાઇ જાવ અમારી સાથે...**


VS
GRAPHICS
આપના
ન્યુઝ પેપરને
આપીશુ એક
નવી ઉંચાઈ
મહેનત અમારી,
સફળતા તમારી
સચોટ માર્ગદર્શક
અદ્ભુત લે-આઉટ
અવનવી તસવીરો સાથે
M : 94097 57062